સુરત મહાનગર પાલિકા
વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
અખબારી યાદી

## સુરત મહાનગરપાલિકાના વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ દ્વારા માસ ડ્રાય ડે કેમ્પેનનું આયોજન :–

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, મેલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં **માસ ડ્રાય ડે કેમ્પેન** નું તા.૯–૧૧–૧૯ નાં રોજ શનિવારે આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત સ્લમ વિસ્તારો, સ્લમલાઈક વિસ્તારો તથા સોસાયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે **પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ** વિગેરે દર ત્રીજા દિવસે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢાંકીને રાખવા સમજ આપવામાં આવશે. આ ઉપરાંત **મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ–છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ–છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ** માં ભરાય રહેલ પાણી વિગેરે દર ત્રણ દિવસે ખાલી કરે તેવી સમજ આપવા માટે આ કેમ્પેન નું આયોજન કરવામાં આવનાર છે. લોકોમાં જનજાગૃતિ આવે તેમજ દર શનિવારે લોકો પોતાની જાતે જ ડ્રાય ડે અંતર્ગત ઘરના પાણી ભરવાના તમામ પાત્રો સાફ રાખે તથા ઢાંકીને રાખે તેવી ટેવ પડે લોકોમાં અવેરનેશ આવે તે માટે તા.૯–૧૧–૧૯નાં રોજ **માસ ડ્રાય ડે કેમ્પેન** નું આયોજન કરવામાં આવશે જે માટે વીબીડીસી તથા આરોગ્યવિભાગનો તમામ સ્ટાફ સેનેટરી ઈન્સ્પેકટર, સેનેટરી સબ ઈન્સ્પેકટર, પ્રાયમરી હેલ્થ વર્કરો, સર્વેલન્સ વર્કરો, મુકાદરો, બેલદારો, આંગણવાડી કાર્યકરો મળી કુલ **૬૮૩૦** કર્મચારીઓ દ્વારા સમગ્ર શહેરમાં લગભગ **૨૬૧૩** વિસ્તારોમાં ઘરે–ઘરે ફરી આ પ્રકારની અવેરનેશ લાવવામાં આવશે. આ કામગીરીનાં પ્રચાર–પ્રસાર માટે કુલ **૨૪** રીક્ષાઓ, કુલ **૦૪** એફ.એમ.રેડીયો પર જાહેરાત, **૧૦૦** જેટલા બેનરો, **૫,૦૦,૦૦૦** જેટલા પેમ્ફલેટનો ઉપયોગ કરવામાં આવશે. ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા મચ્છર જન્ય રોગો ના નિયંત્રણ માટે દિવાળી ની રજાઓ બાદ ખુલતા ઘરોમાં ઘનિષ્ટ કામગીરી કરવામાં આવશે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૫૧૬
તા.૦૮–૧૧–૨૦૧૯

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલકા

## બી.આર.ટા.એસ. પ્રોજક્ટ/ટ્રાફક સેલ

<u>ઈલેક્ટ્રાક બસ:-</u>

સુરત મહાનગરપાલકા દ્વારા જાહર પારવહનનાં કારણે થતા હવાના પ્રદૂષણને કંટ્રોલ કરવા માટ આવનાર વષમાં બી.આર.ટા.એસ. રૂટમાં ૧૫૦ નંગ ઈલેક્ટ્રાક બસ દોડાવવાનું આયોજન કરવામાં આવેલ છે. ઈલેક્ટ્રાક બસના કારણે પ્રદૂષણનો ઘટાડો થશે. ઈલેક્ટ્રાક બસને લીધે વાતાવરણમાં ભળતો કાબનમોનોકસાઈડ અને ગ્રીન હાઉસ ગેસ (GHG ) ની માત્રા ઘટતા વાતાવરણ વધુ શુધ્ધ બનશે. ઈલેક્ટ્રાક બસ માટ વિવિધ ઝોનમાં ચાજાગ સ્ટશન બનાવવામાં આવશે. ઈલેક્ટ્રાક બસમાં એન્જીન ન હોવાને કારણે ઘાઘાટ ઓછો થવાને કારણે અવાજનું પ્રદૂષણમાં ઘટાડો થશે. જને કારણે શહરમાં શાંતિ પૂણ વાતાવરણ બની રહશે.

સુરત મહાનગરપાલકા દ્વારા બસ સેવા માટ શહરા વિસ્તારના ૯૩% જટલો આવરા લેવામાં આવશે. વષ ૨૦૨૧ સુધીમાં શહરના ૨૦% લોકો જાહર પારવહન સેવાનો લાભ લેતા થશે. આ બસો દોડાવવાથી વધારાના ૧ લાખથી વધુ મુસાફરોની સંખ્યામાં વધારો થશે. જાહર પારવહન થી સુરત શહરના નાગારકોને લાસ્ટ માઈલ કનેક્ટવિટા પુરા પાડવાનાં ધ્યેય સાથે સુરત શહરમાં ચાલતા જાહર પારવહન અતગત કુલ વાહનોમાં ૩૦% ઈલેક્ટ્રાક વાહનો દ્વારા શહરમાં પારવહનની સેવા આપવામાં આવશે.

આવનાર વષમાં પ્રસન્ના પપલ મોબીલીટા પ્રા.લી ની ૬૬ નંગ બી.આર.ટા.એસ. બસ ઓફ રોડ થનાર હોય તેની જગ્યાએ ઈલેક્ટ્રાક બસ ચલાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ રાતે તબક્કાવાર ઈલેક્ટ્રાક બસ શહરની પારવહન સીસ્ટમમાં ઉમેરો કરા શહરની પ્રદૂષણ મુક્ત તેમજ સોલાર ચાજાગ સ્ટશનના આયોજન શકય બનાવી ગ્રીન મોબીલીટા તરફ શહરને અગ્રેસર કરવામાં આવશે.

વધુમાં ઈ-રાક્ષા/ઈ-કબનું આયોજન કરા બી.આર.ટા.એસ. બસ સ્ટશનથી મુસાફરને ઘર સુધી ક અન્યત્ર જવા માટ સગવડ રૂપ થાય તે માટ કાયવાહા કરવામાં આવનાર છે. **(Last Mile Connectivity)** અને ઈ-સાયકલ તેમજ ઈ-બાઈક માટ પણ આવનાર વષમાં આયોજન કરવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૫૧૭
તા.૦૮/૧૧/૨૦૧૯




PROTERRA
BATTERY ELECTRIC
ZERO EMISSIONS

# <u>પ્રેસનોટ</u>

તા. ૦૮–૧૧–૨૦૧૯ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ, અર્બન હેલ્થ એન્ડ કલાઈમેન્ટ રેઝીલીયન્સ સેન્ટર ઓફ એક્ષેલન્સ ટ્રસ્ટ (UHCRCE), '' તરૂ (TARU) લીડીંગ એજ ''સંસ્થા દ્વારા કલાઈમેટ ડેવલપમેન્ટ એન્ડ નોલેજ નેટર્વક(CDKN) નાં સહયોગથી " **SURAT HEAT & HEALTH RESILIENCE GARAGE"**બાબતે મેરીએટ, અઠવાલાઈન્સ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતુ.

સદર વર્કશોપમાં માન. કમિશ્નરશ્રી, ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ), UHCRCEના પ્રતિનિધિ, '' તરૂ સંસ્થાના પ્રતિનિધિઓ, સુરત મહાનગરપાલિકાનાં સ્માર્ટ સીટી, સ્લમ અપગ્રેડેશન, હાઈડ્રોલીક, ટાઉન પ્લાનીંગ, ટ્રાફિક સેલ, અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ, સ્મીમેર, સીવીલ હોસ્પીટલ વિભાગનાં પ્રતિનિધિઓ ઉપરાંત સ્કેટ, એસવીએનઆઈટી, ઈન્ડીયન મેડીકલ એસોસીએશન, ફેમીલી પ્લાનીંગ એસોસીએશન તેમજ અન્ય એન.જી.ઓ. નાં પ્રતિનિધિઓ હાજર રહેલ હતા. સદર વર્કશોપમાં સુરત શહેરને હીટ વેવ સાથે સંકળાયેલ હેલ્થને લાગત સમસ્યાઓ તેમજ સુરત શહેરને હીટ રેઝીલીયન્ટ શહેર બનાવવા માટેનાં એકશન પ્લાન બાબતે તમામ સ્ટેક હોલ્ડરો સાથે બ્રેઈન સ્ટોરમીંગ કરવામાં આવેલ હતુ. મા. કમિશ્નરશ્રી દ્વારા પણ ઉપરોકત બાબતે માર્ગદર્શન તથા પોતાના પ્રતિભાવો રજુ કરેલ હતા.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં.૫૧૮**
**તા.૦૮/૧૧/૨૦૧૯**

::::::::::::::::::



















# પ્રે સ નો ટ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના અને સીધા માર્ગદર્શન હેઠળ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા તા. ૦૮/૧૧/૨૦૧૯ અને તા.૦૯/૧૧/૨૦૧૯ ના રોજ સુરત શહેર વિસ્તારમાં આવેલ કુલ ૧૫૯ હોટલ/રેસ્ટોરન્ટની સ્થળ તપાસ કરી તે પૈકી ૪૫ સંસ્થાઓનાં કિચનનાં પ્રવેશ ધ્વારા ઉપર લગાડવામાં આવેલાં બોર્ડ જેવા કે "ADMISSION ONLY WITH PERMISSION" અથવા "NO ADMISSION WITHOUT PERMISSION" વિગેરેનો તાત્કાલિક ધોરણે દૂર કરાવવામાં આવેલ છે. તેમજ ગ્રાહકો રસોડાંની અંદરનો ભાગ જોઈ શકે તે રીતે દરવાજો અથવા બારી મુકવાની રહેશે તે બાબતેની સૂચના આપવામાં આવેલ છે. આગામી દિવસોમાં પણ આ મુજબનું ચેકીંગ હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં....૫૧૯..............

તા.૦૯/૧૧/૨૦૧૯

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

## સુરત મહાનગરપાલિકાના વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ દ્વારા માસ  ડ્રાય ડે કેમ્પેઈન અંતર્ગત કરવામાં આવેલ કામગીરી,

**મહાનગર પાલિકાના મ્યુ.કમિશ્નરશ્રી, પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, ડે.કમિશ્નરશ્રીઓ, ઝોનલ ચીફશ્રીઓ,કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશ્નરશ્રીઓ તેમજ આરોગ્ય, ટેકનીકલવિભાગનો સ્ટાફ મળી અંદાજે ૪૦૦૭ જેટલા કર્મચારીઓ જોડાયા :–**

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, મેલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં **માસ ડ્રાય ડે કેમ્પેઈન** નું આજરોજ  આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ડેન્ગ્યુ તેમજ ચિકુનગુનિયા રોગ માટે હાઈરીસ્ક એવા સ્લમ વિસ્તારો, સ્લમલાઈક વિસ્તારો તથા સોસાયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે **પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ–છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ–છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ** વિગેરે દર શનિવારે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢ ાંકીને રાખવા સમજ આપવામાં આવી હતી.

આજરોજ તમામ ઝોનોમાં વીબીડીસી, આરોગ્યવિભાગ, ટેકનીકલ વિભાગ, કલેરીકલ વિભાગ ના તમામ સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે, પેમ્ફલેટ વિતરણ,પોસ્ટરો,બેનરો તથા રીક્ષાપ્રચાર દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે તેમજ દર શનિવારે લોકો પોતાની જાતે જ ડ્રાય ડે  અંતર્ગત ઘરના પાણી ભરવાના તમામ પાત્રો સાફ રાખે તથા ઢાંકીને રાખે તેવી ટેવ પડે લોકોમાં અવેરનેશ આવે તે માટે સમજ આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં હાઉસ ટુ હાઉસ આરોગ્ય શિક્ષણ,લાઈવ ડેમોન્સ્ટ્રેશન,રીક્ષા પ્રચાર ઘનિષ્ઠ રીતે કરવામાં આવેલ હતું. આજરોજ કુલ **૧૪૪૪** વિસ્તારોમાં **૩૧૩૯૯૦** ઘરો અને અંદાજિત **૧૫૬૯૯૫૦** વસ્તી આવરી લેવામાં આવેલ હતી. લોકોને પોતાના ઘરમાં રહેલા એડિસ મચ્છરોના ઉત્પતિ સ્થાનો રૂબરૂ બતાવવામાં આવેલ હતા. કુલ **૭૧૭૪** સ્થળોએ મચ્છરના વિવિધ

સ્ટેજ લાઈવ ડેમોન્સ્ટ્રેશનથી બતાવવામાં આવેલ હતા , જેમાં કુલ **૨૫૯૧૪૧** લોકો સામેલ થયા હતા અને આરોગ્ય શિક્ષણ મેળવ્યુ હતુ. આ કામગીરીમાં માન.મ્યુ.કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રીઓ, ઝોનલચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશ્નરો, નાયબ આરોગ્ય અધિકારીઓ, આસી.જંતુનાશક અધિકારીઓ સુરત મહાનગર પાલિકાનાં પદાધિકારીશ્રીઓ,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સામાજીક કાર્યકર્તાઓ ની હાજરીમાં મચ્છરો, મચ્છરોના લાર્વા(પાણીપોરા) તથા પોરભક્ષક માછલીઓ નું લાઈવ ડેમોન્સ્ટ્રેશન તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. મ્યુ.કમિશ્નરશ્રીએ અઠવા ઝોનમાં અંબાજી મહોલ્લો, ખોખલીમાતાના મંદિર પાસે, ઉધના ઝોનમાં ચીકુવાડી ખાતેનાં કલ્યાણકુટીરમાં તેમજ સેન્ટ્રલઝોનમાં કૈલાસનગર ખાતે રૂબરૂ હાજર રહી, લોકોના ઘરમાં જઈ તેમના ઘરમાં રહેલા મચ્છરોના ઉત્પતિ સ્થાનો રૂબરૂમાં બતાવ્યા હતા અને લોકોએ પોતાના ઘરમાં મચ્છરોની ઉત્પતિ રોકવા શું કાળજી લેવી જોઈએ તેની વિગતે સમજ આપી હતી. કમિશ્નરશ્રી ની પાંડેસરા ખાતેની વિઝીટ દરમ્યાન શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા તેમજ અન્ય કોર્પોરેટરો સાથે જોડાયા હતા. કમિશ્નરશ્રીએ લાઈવ ડેમોન્સ્ટ્રેશનના સ્થળોની વિઝીટ કરી તથા હાજર લોકોને મચ્છરોની ઉત્પતિ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી.

આજની ઝુંબેશમાં સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશ્નરશ્રી,ડે.કમિશ્નરશ્રીઓ, ઝોનલચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશ્નરો, નાયબ આરોગ્ય અધિકારીઓ, આસી.જંતુનાશક અધિકારીઓ, ઈજનેરી સ્ટાફ, કલેરીકલ સ્ટાફ, ૮૩ સેનેટરી ઈન્સ્પેકટર,૧૬૫ સેનેટરી સબ ઈન્સ્પેકટર, ૪૫૨ પ્રાયમરી હેલ્થ વર્કરો અને સર્વેલન્સ વર્કરો, ૮૫૪ મુકાદરો અને બેલદારો, ૧૭૫૮ સફાઈ કામદારો મળી કુલ **૪૦૦૭** જુદી–જુદી કેડરના કર્મચારીઓ જોડાયા હતા. આ કામગીરીનાં પ્રચાર–પ્રસાર માટે કુલ **૨૪** રીક્ષાઓ, કુલ **૦૪** એફ.એમ.રેડીયો પર જાહેરાત, **૧૦૦** બેનરો, **૨,૮૪,૦૦૦** જેટલા પેમ્ફલેટનો ઉપયોગ કરવામાં આવ્યો તથા **૪૩૩૫** નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.૫૨૦
તા.૦૯–૧૧–૨૦૧૯
















ચાલો ભેગા
કરીએ
















# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

### માથાભારે પશુપાલકો દ્વારા મ્યુનિસિપલ અધિકારી/ કર્મચારીઓ પર જાનલેવા હુમલો થતાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ઓપરેશન કાઉ

મ્યુનિસિપલ કોર્પોરેશનના માર્કેટ ખાતા તાબા હેઠળ કાર્યરત ઢોર ત્રાસ અંકુશ વિભાગ ના અધિકારીઓ/ કર્મચારીઓ રખડતા ઢોરના ત્રાસની ફરીયાદના અનુસંધાનમાં ગઈકાલે કતારગામ ઝોન વિસ્તારમાં નામે નવનાથનો ખાડો, વેડ ડભોલી રોડ, ચાર રસ્તા વિગેરે વિસ્તારોમાં રખડતા ઢોરોને પકડી પાડી મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ ટ્રાન્સપોટેશન સ્ટેશન કમ્પાઉન્ડમાં બાધેલ. તેની જાણ આ વિસ્તારના માથાભારે અને ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા ઢોર માલિકોને થતાં ગેરકાયદેસર ટોળકી રચી, સામૂહીક રીતે લાકડીઓ/ પાઈપોના ફટકાથી મ્યુનિસિપલ સ્ટાફ પર જાનલેવા હૂમલો કરી લોહીલૂહાણ કરી પકડેલા ઢોરોને મહાનગરપાલિકાના કબજા માંથી છોડાવી નાસી ગયેલ. જેની ફરીયાદ પોલિસ કંટ્રોલમાં કરતાં પોલિસની વધુ કુમક ઘટના સ્થળે ધસી આવી હુમલાખોરોની શોધખોળ આદરેલ. ઉપરાંત આ બનેલ બનાવની FIR માર્કેટ ખાતાના આરોગ્ય નિરીક્ષક દ્વારા ચોકબજાર પોલિસ સ્ટેશનમાં નોંધવવામાં આવેલ.

આ બનાવની જાણ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને થતા તેઓ ઈજાગ્રસ્ત સ્ટાફની પૂછપરછ કરી તમામને યોગ્ય સારવાર તાકીદે મળી રહે માટે સ્મીમેરના સંબંધિત અધિકારીશ્રીઓ ને આદેશ કરેલ ઉપરાંત જે વિસ્તારમાં આ બનાવ બનેલ તેમાં પૂરતો પોલિસનો બંદોબસ્ત સાથે રાખી ધનિષ્ટ કાર્યવાહી હાથ ધરવા આદેશ આપેલ.

ઉપરોકત બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો આદેશ મળતા માર્કેટ ખાતાના વડાઓ ઢોર ત્રાસ અંકુશ વિભાગના તમામ અધિકારી/ કર્મચારીઓને તાકીદે તેડાવી આજરોજ કતારગામ ઝોન તાબા હેઠળ આવેલ ઢોરો ના ત્રાસ માટે કુખ્યાત વિસ્તારોમાં "OPERATION COW" ની કાર્યવાહી હાથ ધરેલ જેમાં ૪૫ જેટલા ઢ ોરોને પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બા ખાતે ખસેડવા ઉપરાંત આ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઢોરો રાખી રહેઠાણના વિસ્તારમાં પુષ્કળ ગંદકી કરનાર ખુલ્લા પ્લોટના માલિકો ઉપર દંડકીય કાર્યવાહી કરવાની તજવીજ લાગત ઝોનના અધિકારીઓ મારફત હાથ ધરાવેલ અને જે આ ઢોર માલિકો ફરીથી તેમના તાબા હેઠળના ઢ ોરોને રાખવા–નિભાવવામાં બેદરકારી અને નિષ્કાળજી દાખવશે તો તેમના તમામ ઢોરોને પોલિસ ખાતાની સીધી દેખરેખ હેઠળ જપ્ત કરી કાયમ માટે પાંજરાપોળ ખાતે સોંપી દેવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવેલ. જે માર્કેટ ખાતાએ તેમની એકયાદીમાં જણાવેલ.

**સમાચારયાદી નં.૫૨૧**
**તા.૧૧/૧૧/૨૦૧૯**
**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. જેમાં સીટીબસની સુવિધા ૨૫ નવેમ્બર, ૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ. હાલમાં સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૩ રૂટો ઉપર કુલ ૪૩૪ સીટીબસ કાર્યરત છે જેમાં દરરોજ ૧,૪૦,૦૦૦ થી વધુ મુસાફરો લાભ મેળવે છે. તેમજ BRTS ૧૨ રૂટો ઉપર કુલ ૨૦૭ BRTS બસ કાર્યરત છે જેમાં દરરોજ ૧,૧૦,૦૦૦ થી વધુ મુસાફરો લાભ મેળવે છે. ભારત સરકારશ્રીના "મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડર અર્બન અફેર્સ", નવી દિલ્હી દ્વારા ૧૨માં અર્બન મોબિલિટી કોન્ફરન્સમાં પબ્લિક ટ્રાન્સ પોર્ટેશનની વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવા માટે નોમીનેશન મંગાવવામાં આવેલ. જેમાં દેશના રાજ્યો, વિવિધ મ્યુ. કોર્પોરેશનો અને પબ્લિક ટ્રાન્સપોર્ટ ઓથોરીટી દ્વારા વિવિધ કેટેગરીમાં પોતાનું નામાંકન કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા " Best City Bus Service" અન્વયે " Surat City Bus Service Project" કેટેગરી માટે નામાંકન કરાવેલ. જે બાબતે મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ, ભારત સરકાર દ્વારા સુરત મહાનગરપાલિકાનો "Best City Bus Service" અન્વયે " Surat City Bus Service Project" કેટેગરી માટે "Commendable Initiative Award" માટે પસંદગી કરવામાં આવેલ છે. આ એવોર્ડ લખનૌ ખાતે યોજાનાર ૧૨માં અર્બન મોબિલિટી કોન્ફરન્સમાં ઉત્તરપ્રદેશનાં મા. નાયબ મુખ્યમંત્રીશ્રીનાં વરદહસ્તે તા. ૧૭/૧૧/૨૦૧૯ ના રોજ સુરત મહાનગરપાલિકાને એનાયત કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 522
તા. ૧૧/૧૧/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨(શાહપોર), નોંધ નં.૧૧૪૯ વાળી મિલ્કતમાં માલિક મો.ઈબ્રાહીમ મો.યુસુફ પાનવાલા ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૩/૧૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે કરેલ આર.સી.સી. કોલમ નંગ–૦૪ અને શટરીંગ આશરે ૪૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ. તેમજ તે અન્વયે વહીવટી ચાર્જ પેટે મિલ્કતદાર પાસેથી રૂા.૨૫,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે અને રૂા.૧૦,૦૦૦/– સી.એન્ડ ડી.વેસ્ટ ચાર્જ પેટે વસુલ લીધેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૨૩
તા.૧૩/૧૧/૨૦૧૯

| | સુરત મહાનગર પાલિકા<br>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી<br>અખબારી યાદી | |
|---|---|---|

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૦/૧૧/૧૯ થી તા.૧૨/૧૧/૧૯ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગતોઃ–

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૦/૧૧/૧૯ થી તા.૧૨/૧૧/૧૯ દરમ્યાન હાઉસ ટુ હાઉસ સર્વે અંતર્ગત કુલ **૧૫૩૦૩૧** ઘરોમાં **૩૮૧૯૯૧** સ્પોટ સર્વે કરી કુલ **૧૫૫૨** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે. તેમજ **૪૫૮** બાંધકામ સર્વે દરમ્યાન **૩૫૧** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે. જેમાં ડેન્ગ્યુ, ચિકુનગુનિયા રોગ માટે જવાબદાર એડિસ મચ્છરનાં **૧૩૩૩** બ્રિડીંગનો પણ નાશ કરાવવામાં આવેલ છે. તમામ ઝોન વિસ્તારમાંથી કુલ **૪૧૭૫૦/– રૂ.** વહીવટીખર્ચ વસુલવામાં આવેલ છે તેમજ કુલ **૨૩૯** નોટીસ આપવામાં આવેલ છે. સર્વે દરમ્યાન **૧૦૪૭** જેટલા મચ્છરોનો ઉપદ્રવ થઈ શકે તેવા નકામા કન્ટેનરો તથા ભંગારનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ વ્હીકલ માઉન્ટેડ મશીનનાં ૪૭ રાઉન્ડ તથા હેન્ડીસેટ મશીનનાં ૮૦૪ રાઉન્ડ ધુમ્રશેર કરવામાં આવેલ છે.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,ચિકુનગુનિયા,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી **પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ–છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ–છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ** વિગેરે દર ત્રીજા દિવસે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢાંકીને રાખવામાં આવે, જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,ચિકુનગુનિયા,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.પ૨૪
તા. ૧૩–૧૧–૨૦૧૯

525

:: પ્રેસનોટ ::

''સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટકોનો વિનર શો''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના ચાર વિજેતા નાટકોના વિનર શો બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના વિનર શોનું આયોજન તા.૧૮/૧૧/૨૦૧૯ થી તા.૨૧/૧૧/૨૦૧૯ દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ કલાકથી સંજીવકુમાર ઓડીટોરીયમ, રાજહંસ થીયેટરની પાછળ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

સુરત શહેરના નવોદિત કલાકારોને પ્લેટફોર્મ મળે અને શહેરના નગરજનોને નવા નાટકો માણવા મળે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા સને ૧૯૬૯ વર્ષથી યોજવામાં આવતી આ નાટ્ય સ્પર્ધાને સુરત શહેરને ગૌરવ અપાવનારા સુરતના સપુત અને રંગમંચ અને ફિલ્મક્ષેત્રના મહાન અદાકાર સ્વ.સંજીવકુમારની સ્મૃતિમાં ''સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા'' નામ આપવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તા.૧૪/૦૯/૨૦૧૯ થી તા.૨૩/૦૯/૨૦૧૯ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. જેમાં નીચે મુજબના નાટકો વિજેતા થયા હતા.

:: સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટકો ::

| વિજેતા ક્રમ | નાટ્ય સંસ્થા | નાટક | દિગ્દર્શક |
|---|---|---|---|
| પ્રથમ | સીલ્યુએટ થીએટર્સ | કુમારની અગાશી | દેવાંગ જાગીરદાર |
| દ્વિતીય | થિયેટર ઓફ જનરેશન નેકસ્ટ | નિમીત કમ બેક સુન | રિષીત ઝવેરી |
| તૃતીય | મંથન થીએટર્સ | અદાલત ૨૪×૭ | પંકજ પાઠકજી |
| ચતુર્થ | સ્પર્શ | ખામોશ ! અદાલત જારી હૈ | પ્રાર્થના રેલ્વેવાલા |

સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોનો વિનર શો યોજવા નક્કી કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ નાટકો તા.૧૮/૧૧/૨૦૧૯ થી તા.૨૧/૧૧/૨૦૧૯ દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ ચાર નાટકોનો વિનર શો યોજવામાં આવનાર છે.

:: સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૭ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો વિનર શો કાર્યક્રમ ::

| ક્રમ | તારીખ/વાર | નાટક | **નાટ્ય સંસ્થા** | દિગ્દર્શક |
|---|---|---|---|---|
| ૧ | ૧૮/૧૧/૨૦૧૯, સોમવાર | ખામોશ ! અદાલત જારી હૈ | સ્પર્શ | પ્રાર્થના રેલ્વેવાલા |
| ૨ | ૧૯/૧૧/૨૦૧૯, મંગળવાર | નિમીત કમ બેક સુન | થિયેટર ઓફ જનરેશન નેકસ્ટ | રિષીત ઝવેરી |
| ૩ | ૨૦/૧૧/૨૦૧૯, બુધવાર | અદાલત ૨૪×૭ | મંથન થીએટર્સ | પંકજ પાઠકજી |
| ૪ | ૨૧/૧૧/૨૦૧૯, ગુરૂવાર | કુમારની અગાશી | સીલ્યુએટ થીએટર્સ | દેવાંગ જાગીરદાર |

આ વિનર શો વિનામૂલ્યે અને પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સંજીવકુમાર ઓડિટોરીયમના તખ્તે રજુ થનાર આ વિજેતા નાટકોને માણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં અને મોડા આવનારે પ્રવેશ તથા બેઠકનો આગ્રહ રાખવો નહિં. રાત્રે ૯.૩૦ કલાકે અથવા હાઉસફુલ થયેથી સંજીવકુમાર ઓડિટોરીયમના પ્રવેશ દ્વાર બંધ થશે. ત્યારબાદ પાસ હશે તો પણ પ્રવેશ આપવામાં આવશે નહીં.

વધુમાં વિનર શો માણવા માગતા શહેરીજનોને ફકત તા.૧૮/૧૧/૨૦૧૯ના રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાક દરમ્યાન અથવા પ્રવેશ પાસ પૂર્ણ થાય ત્યાં સુધી સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતેથી મળી શકશે.જેની ખાસ નોંધ લેવી.

સમાચારયાદી નં.પ૨પ, તા.૧૪/૧૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# નવો પૂર્વઝોન(વરાછા)–બી ની અખબારી યાદી

તા.૧૫/૧૧/૨૦૧૯

**નવો પૂર્વ(વરાછા)ઝોન–બી વિસ્તારમાં તા.૧૫/૧૧/૨૦૧૯ નાં રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશન બાબત.**

| ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશનની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|
| **તારીખ ૧૫/૧૧/૨૦૧૯** | | | |
| ટી.પી.સ્કીમ નં.૨૦(પુણા) ફા.પ્લોટ નં.૧૦૮, બ્લોક નં.૪૩૫ | પ્લોટ નં.૨ થી ૯ તથા ૯/એ, કૃષ્ણનગર, પુણા | બીજા માળ ઉપર આવેલ ટેરેસ ફલોર પર બનાવેલ પતરાનો શેડ(અંદાજે ૪૯૦૦ ચો.ફુટ) દુર કરવાની કામગીરી | ડિમોલીશન ચાર્જ પેટે ૨૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. |

ઉપર જણાવેલ નવો પૂર્વ(વરાછા) ઝોન–બી માં આવેલ કૃષ્ણનગર, પુણા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી દરમિયાન બીજા માળ ઉપર આવેલ ટેરેસ ફલોર પર બનાવેલ પતરાનો શેડ (અંદાજે ૪૯૦૦ ચો.ફુટ) બાંધકામ દુર કરી સ્થળ ઉપર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. ઉકત કામગીરી મે.ડે.કમિશનરશ્રી(ડેપ્યુટેશન)નાં આદેશ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સીકયુરીટી સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૨૬
તા.૧૫/૧૧/૨૦૧૯

સુરત મહાનગર પાલિકા
વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

# -: આજે ડ્રાય ડે :-

ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ આપના ઘરમાં પાણીસંગ્રહ થઈ શકે તેવા પાત્રો જેવા કે પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ-છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ-છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલી ડીસ વિગેરેમાં થઈ શકે છે માટે આજે અડધો કલાક આપના પરિવારના આરોગ્ય માટે ફાળવો, પાણી સંગ્રહ થઈ શકે તેવા તમામ પાત્રો ખાલી કરી કાથાની દોરીથી ઘસીને સાફ કરી સુકવવાનુ ભુલશો નહિ.

**મહાનગર પાલિકાની ડ્રાય ડે ઝુંબેશમાં સહકાર આપી અન્યને પણ આ પ્રકારની પ્રેરણા આપો.**

**" આપણુ સુરત સ્વસ્થ સુરત"**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૨૭
તા. ૧૫-૧૧-૨૦૧૮

# <u>પ્રેસનોટ</u>

## આરોગ્ય વિભાગ

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત "શહેરી આરોગ્ય કેન્દ્રો" દ્વારા શહેરીજનોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે. આ વર્ષથી શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતેથી અપાતી સેવાઓ નેશનલ કવોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ(NQAS) મુજબ અપાય છે કે નહી તે અંગે ભારત સરકારનાં સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નિર્માણ ભવન દ્વારા એસેસમેન્ટ હાથ ધરવામાં આવેલ હતું. જે અંતર્ગત માર્ગદર્શિકા અને ચેકલીસ્ટ મુજબ ૭૦% માર્કસ મળયેથી શહેરી આરોગ્ય કેન્દ્રને કવોલીટી સર્વિસીસ આપવા બદલ "નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન" આપવામાં આવે છે. જેના ભાગરૂપે ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૯ થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત રાંદેર અને ઉન શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે એસેસમેન્ટ કરવામાં આવેલ હતું. જેના ભારત સરકારનાં પ્રતિનિધિ ડો. અરવિંદ જયસ્વાલ અને ડો. ફૈઝલ રહેમાન દ્વારા આરોગ્ય કેન્દ્રો ખાતે જનરલ કલીનીક, માતા આરોગ્ય સેવાઓ, બાળ આરોગ્ય, ન્યુ બોર્ન હેલ્થ, રસીકરણ, ફેમીલી પ્લાનીગ સર્વિસ, કોમ્યુનિકેબલ ડીસીઝ, નોન કોમ્યુનિકેબલ ડીસીઝ,આઉટરીચ સર્વિસ, દવાઓની ઉપલબ્ધતા અને મેનેજમેન્ટ, લેબોરેટરી સેવાઓ અને જનરલ એડમીનીસ્ટ્રેશન જેવા માપદંડો ઉપર અપાતી સેવાઓનું સઘન એસેસમેન્ટ હાથ ધરવામાં આવેલ હતું.

આ એસેસમેન્ટ દરમ્યાન ફીઝીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરનું નિરીક્ષણ, સ્ટાફ સાથેનું ઈન્ટરએકશન, નોલેજ એસેસમેન્ટ, છેલ્લા ૨(બે) વર્ષનાં આરોગ્યલક્ષી હેલ્થ ઈન્ડીકેટરનું રીવ્યુ, પેશન્ટ સાથે આરોગ્યલક્ષી સેવાઓ માટેના અભિપ્રાય જેવા માપદંડો વિગેરે બાબતો અંગે રીવ્યુ કરવામાં આવેલ. જેનું પરીણામ ગતરોજ ભારત સરકાર દ્વારા જાહેર થતાં સુરત મહાનગરપાલિકા સંચાલિત રાંદેર અને ઉન શહેરી આરોગ્ય કેન્દ્રોને અનુક્રમે ૮૪% અને ૮૬.૬% માર્કસ સાથે "નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન" પ્રાપ્ત થયેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. ૫૨૮
તા.૧૬/૧૧/૨૦૧૯
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

मनोज झालानी
**Manoj Jhalani**
विशेष सचिव एवं मिशन निदेशक (रा.स्वा.मि.)
Special Secretary & Mission Director (NHM)

भारत सरकार
स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय
निर्माण भवन, नई दिल्ली - 110011
**Government of India**
**Ministry of Health & Family Welfare**
**Nirman Bhavan, New Delhi - 110011**

**D.O. No.: NHSRC/11-12/Q1/01/Guj-Part-2**
**8th November 2019**

Subject: - National Quality Certification of Urban Primary Health Centre Randher, Surat, Gujarat

Dear Dr Jayanti,

At the outset, I congratulate you and your hospital team for taking up the Urban Primary Health Centre Randher, Surat in the State of Gujarat for National Quality Assurance Certification. The facility underwent assessment by a two-member team of empanelled external assessors from 23rd to 24th September 2019

I am pleased to inform that the aforementioned facility has scored 84% and has met all the criteria required for National Quality Certification. Hence, Urban Primary Health Centre Randher, Surat, Gujarat is 'Quality Certified' under NQAS.

Summary of the Assessment Report is enclosed as Annexure – 'A'.

With regards,

Yours Sincerely,

**(Manoj Jhalani)**

**Dr. Jayanti S. Ravi**
Commissioner & Principal Secretary (Public H&FW),
Department of Health & Family Welfare
Government of Gujarat- 382010

मनोज झालानी
**Manoj Jhalani**
विशेष सचिव एवं मिशन निदेशक (रा.स्वा.मि.)
Special Secretary & Mission Director (NHM)

भारत सरकार
स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय
निर्माण भवन, नई दिल्ली - 110011
**Government of India**
**Ministry of Health & Family Welfare**
**Nirman Bhavan, New Delhi - 110011**

**D.O. No.: NHSRC/11-12/Q1/01/Guj-Part-2**
**8th November 2019**

Subject: - National Quality Certification of Urban Primary Health Centre Unn, Surat Municipal Corporation, Gujarat

Dear Jayanti,

At the outset, I congratulate you and your hospital team for taking up the Urban Primary Health Centre Unn, Surat Municipal Corporation in the State of Gujarat for National Quality Assurance Certification. The facility underwent assessment by a two-member team of empanelled external assessors from 25th to 26th September 2019

I am pleased to inform that the aforementioned facility has scored 86.6% and has met all the criteria required for National Quality Certification. Hence, Urban Primary Health Centre Unn, Surat Municipal Corporation, Gujarat is 'Quality Certified' under NQAS.

Summary of the Assessment Report is enclosed as Annexure – 'A'.

With regards,

Yours Sincerely,

**(Manoj Jhalani)**

**Dr. Jayanti S. Ravi**
Commissioner & Principal Secretary (Public H&FW),
Department of Health & Family Welfare
Government of Gujarat- 382010

स्वच्छ भारत-स्वस्थ भारत
Telefax : 23063687, 23063693 E-mail : manoj.jhalani@nic.in

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા,સુરત.

આજ રોજ તા.૧૬/૧૧/૨૦૧૯ નાં રોજ નોર્થઝોન(કતારગામ) ખાતેનાં વી.બી.ડી.સી વિભાગ ધ્વારા અત્રેનાં યુનિટોમાં યોજાયેલ "ડ્રાય ડે કેમ્પ્ઈન"માં અમરોલી યુનિટનાં વિસ્તાર નિરામય આરોગ્ય કેન્દ્ર સામે,રીલાયન્સ નગર,ગુ.હા.બોર્ડ,ગણેશપુરા તેમજ ગાયત્રી ડેપો યુનિટનાં બ્રાહ્મણ ફળીયા, ફુલપાડા ગામતળમાં મે.કમિશ્નરશ્રી બચ્ચાનીધી પાની સાહેબ,મે.ડે.કમિશ્નરશ્રી ડો.આશિષભાઈ નાયક (હે.એન્ડ હો.), ડો.પ્રદિપ ઉમીરગર સાહેબ આરોગ્ય અધિકારીશ્રી,શ્રી દિગ્યવિજયસિંહ બારડ આરોગ્ય સમિતિ ચેરમેન, શ્રી રમણભાઈ પરમાર આરોગ્ય સમિતિ સભ્ય,શ્રી ડી.એમ.પટેલ એડી.સીટી.ઈજનેરશ્રી(સિવિલ)એન્ડ ઝોનલ ચીફ(નોર્થઝોન), શ્રી આર.વી.ગામીત આસી.કમિશ્નર(નોર્થઝોન),શ્રી આર.એમ.ગામીત કાર્યપાલક ઈજનેર(નોર્થઝોન), સામાજિક કાર્યકરોની ઉપસ્થિતીમાં અંદાજીત અમરોલી યુનિટનાં નિરામય આરોગ્ય કેન્દ્ર સામે,રીલાયન્સ નગર,ગુ.હા.બોર્ડ,ગણેશપુરા ખાતે ૭૧૮ જાહેર જનતા તેમજ સ્કુલનાં ૨૮૬ વિધાર્થીઓને અને ગાયત્રી ડેપો યુનિટનાં બ્રાહ્મણ ફળીયા, ફુલપાડા ગામતળમાં ૫૧૫ જાહેર જનતા તેમજ સ્કુલનાં ૮૦ વિધાર્થીઓને ડેન્ગ્યુ રોગની અટકાયત માટે મચ્છરની ઉત્પતિ રોકવા અને માહિતીગાર કરવા તેમજ તેઓએ લેવાજોગ પગલાં અંગે સમજ કેળવાય તે માટે જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે મચ્છર ઉત્પતિ સ્થાનોનું લાઈવ ડેમોસ્ટ્રેશન, પેમ્ફલેટ વિતરણ તેમજ ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વેની કામગીરી કરવામાં આવેલ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારના ગાયત્રીનગર સોસાયટી સિંગણપોર,આંબાતલાવાડી ની આજુબાજુનો વિસ્તાર કતારગામ, ફુલપાડા ગામતળ ગાયત્રીડેપો,અંબિકાનગર ગુ.હા.બોર્ડ અમરોલી, હરીઓમનગર ૧/૨ કોસાડ અને તેની આજુબાજુનો વિસ્તારમાં ડ્રાય ડે કેમ્પ્ઈનનાં અનુસંધાનમાં કુલ ૧૮૭૪૨ ઘર સર્વે કરી ૩૯૭૬૨ પાત્રો તપાસી ૫૯ જગ્યા ઉપર મચ્છરનાં બ્રિડીંગ મળી આવેલ હતા જેનો સ્થળ પર જ નાશ કરવવામાં આવેલ હતો. બ્રિડીંગ મળેલ ઘરોમાંથી ૧૯ ઈસમો પાસેથી ૧૬૬૦૦/–રૂ. વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે અને ૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.કતારગામ વિસ્તારનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં અંદાજીત ૨૫૯૩ જાહેર જનતા તેમજ ૭૦૯ વિદ્યાર્થીઓએ મચ્છર ઉત્પતિ સ્થાનોનું લાઈવ ડેમોસ્ટ્રેશન જોવા આવેલ હતા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબરઃ–૫૨૯
તા. ૧૬/૧૧/૨૦૧૯

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

## સુરત મહાનગરપાલિકાના વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ દ્વારા માસ ડ્રાય ડે કેમ્પેઈન અંતર્ગત કરવામાં આવેલ કામગીરી

**મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી, પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, ડે.કમિશનરશ્રીઓ, ઝોનલ ચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશનરશ્રીઓ તેમજ આરોગ્ય, ટેકનીકલ વિભાગનો સ્ટાફ મળી અંદાજે ૩૭૬૪ જેટલા કર્મચારીઓ જોડાયા અનેકતારગામ ઝોનમાં રીલાયન્સનગર, વોક વે, ફાયરસ્ટેશન સામે, મેંગો સર્કલ,અમરોલી** તેમજ **બ્રામણફળીયુ, ઝોનલ પુરવઠા કચેરી,ફૂલપાડા ગામતળ ખાતે રૂબરૂ હાજર રહી, શાળાનાં વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાને તેમના ઘરમાં મચ્છરોની ઉત્પતિ રોકવા શું કાળજી લેવી જોઈએ તેની વિગતે સમજ આપી હતી:–**

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, મેલેરિયા જેવા રોગ ફેલાવતા મચ્છરોનાં નિયંત્રણ માટે સમગ્ર શહેરમાં **''માસ ડ્રાય ડે કેમ્પેઈન''** નું આજરોજ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ડેન્ગ્યુ તેમજ ચિકુનગુનિયા રોગ માટે હાઈરીસ્ક એવા સ્લમ વિસ્તારો, સ્લમલાઈક વિસ્તારો તથા સોસાયટીઓમાં લોકોને પોતાના ઘરોમાં ડેન્ગ્યુ, ચિકુનગુનિયા જેવા રોગો માટે જવાબદાર એડિસ મચ્છરો ની ઉત્પતિ અટકાવવા માટે પાણી ભરવાના પાત્રો જેવા કે **પીપ, કેરબા, ડ્રમ, પવાલી, ડોલ, મની પ્લાન્ટ, ફ્રીજની ટ્રે, એરકુલરની ટ્રે, પક્ષીકુંજ, ફૂલ–છોડનાં કુંડામાં ભરાય રહેલ વધારાનું પાણી તથા ફૂલ–છોડનાં કુંડાની નીચે મુકવામાં આવેલ ડીસ** વિગેરે દર શનિવારે સંપૂર્ણ ખાલી કરી પાત્રોની અંદરની સપાટીને કાથાની દોરી વડે ઘસી, સુકવીને ત્યારબાદ જ પાણી ભરે અને પાણી ભરવાના તમામ પાત્રો ઢ ાંકીને રાખવા સમજ આપવામાં આવી હતી.

આજરોજ તમામ ઝોનોમાં વીબીડીસી, આરોગ્યવિભાગ, ટેકનીકલ વિભાગ, કલેરીકલ વિભાગ ના તમામ સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે, પેમ્ફલેટ વિતરણ,પોસ્ટરો,બેનરો તથા રીક્ષાપ્રચાર દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે તેમજ દર શનિવારે લોકો પોતાની જાતે જ ડ્રાય ડે અંતર્ગત ઘરના પાણી ભરવાના તમામ પાત્રો સાફ રાખે તથા ઢાંકીને રાખે તેવી ટેવ પડે લોકોમાં અવેરનેશ આવે તે માટે સમજ આપવામાં આવી હતી. આ કેમ્પેઈનમાં હાઉસ ટુ હાઉસ આરોગ્ય શિક્ષણ,લાઈવ ડેમોન્સ્ટ્રેશન,રીક્ષા પ્રચાર ઘનિષ્ઠ રીતે કરવામાં આવેલ હતું. આજરોજ કુલ **૧૧૭૫** વિસ્તારોમાં **૨૯૦૮૫૭** ઘરો અને અંદાજિત **૧૪૫૪૨૮૫** વસ્તી આવરી લેવામાં આવેલ હતી. લોકોને પોતાના ઘરમાં રહેલા એડિસ

મચ્છરોના ઉત્પતિ સ્થાનો રૂબરૂ બતાવવામાં આવેલ હતા. કુલ **૬૫** સ્થળોએ મચ્છરના વિવિધ સ્ટેજ લાઈવ ડેમોન્સ્ટ્રેશનથી બતાવવામાં આવેલ હતા, જેમાં કુલ **૨૦૯૩૬૮** લોકો સામેલ થયા હતા અને આરોગ્ય શિક્ષણ મેળવ્યુ હતુ. આ કામગીરીમાં માન.મ્યુ.કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રીઓ, ઝોનલચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશ્નરો, નાયબ આરોગ્ય અધિકારીઓ, આસી.જંતુનાશક અધિકારીઓ સુરત મહાનગર પાલિકાનાં પદાધિકારીશ્રીઓ,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સામાજીક કાર્યકર્તાઓ ની હાજરીમાં મચ્છરો, મચ્છરોના લાર્વા(પાણીપોરા) તથા પોરભક્ષક માછલીઓ નું લાઈવ ડેમોન્સ્ટ્રેશન તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. મ્યુ.કમિશ્નરશ્રીએ કતારગામ ઝોનમાં **રીલાયન્સનગર, વોક વે, ફાયરસ્ટેશન સામે, મેંગો સર્કલ,અમરોલી** તેમજ **બ્રામણફળીયુ, ઝોનલ પુરવઠા કચેરી,ફૂલપાડા ગામતળ** ખાતે રૂબરૂ હાજર રહી, શાળાનાં વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાને તેમના ઘરમાં મચ્છરોની ઉત્પતિ રોકવા શું કાળજી લેવી જોઈએ તેની વિગતે સમજ આપી હતી. કમિશ્નરશ્રી ની અમરોલી ખાતેની વિઝીટ દરમ્યાન આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, દિગ્વિજયસિંહ બારડ તેમજ અન્ય કોર્પોરેટરો, સામાજિક કાર્યકરો સાથે જોડાયા હતા. કમિશ્નરશ્રીએ લાઈવ ડેમોન્સ્ટ્રશેનના સ્થળોની વિઝીટ કરી તથા શાળામાં રૂબરૂ જઈ મચ્છરોના ઉત્પતિ સ્થાનોની તપાસ કરી શાળા સંચાલકોને મચ્છરોની ઉત્પતિ ન થાય તે બાબતે કાળજી લેવા જણાવ્યુ હતુ. તદઉપરાંત શાળાઓ,કોમર્સીયલ પ્રિમાયસીસો,બાંધકામોમાં મચ્છરોનાં બ્રિડીંગ મળ્યે સંચાલકો, ઓર્ગેનાઈજરો,બિલ્ડરો વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા હાજર અધિકારીઓને સુચના આપી હતી.

આજની ઝુંબેશમાં સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશ્નરશ્રી,ડે.કમિશ્નરશ્રીઓ, ઝોનલચીફશ્રીઓ, કાર્યપાલક ઈજનેરો, આસી.કમિશ્નરો, નાયબ આરોગ્ય અધિકારીઓ, આસી.જંતુનાશક અધિકારીઓ, ઈજનેરી સ્ટાફ, કલેરીકલ સ્ટાફ, ૫૮ સેનેટરી ઈન્સ્પેકટર,૧૫૨ સેનેટરી સબ ઈન્સ્પેકટર, ૪૭૧ પ્રાયમરી હેલ્થ વર્કરો અને સર્વેલન્સ વર્કરો, ૭૯૮ મુકાદરો અને બેલદારો, ૧૫૯૨ સફાઈ કામદારો મળી કુલ **૩૭૬૪** જુદી–જુદી કેડરના કર્મચારીઓ જોડાયા હતા. આ કામગીરીનાં પ્રચાર–પ્રસાર માટે કુલ **૩૬** રીક્ષાઓ, કુલ **૦૪** એફ.એમ.રેડીયો પર જાહેરાત, **૬૭** બેનરો, **૧,૮૧,૭૫૮** જેટલા પેમ્ફલેટનો ઉપયોગ કરવામાં આવ્યો તથા **૩૭૫૩** નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૫૩૦
તા.૧૬–૧૧–૨૦૧૯





# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

***કે.જી.પીઠાવાલા સ્કુલ,આંબાવાડી, સુલતાનાબાદ,ડુમસ,સુરત***
**મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૧૬/૧૧/૨૦૧૯ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન કે.જી.પીઠાવાલા સ્કુલ,આંબાવાડી, સુલતાનાબાદ,ડુમસ,સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા આજના સમારંભ  શાશક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રાએ જણાવ્યુ કે, સરકારશ્રીની સેવાના મહત્વ અંગે જણાવ્યુ હતુ કે સેવાસેતુ એટલે સરકાર અને લોકો વચ્ચે જોડનાર એક સેતુ  છે. હાલના સમયમાં લોકોને પોતના સરકારી કાર્યો માટે અલગ–અલગ જગ્યાએ જવુ ન પડે અને વધારે મૂશ્કેલીઓ ના પડે અને તમામ યોજનાના લાભ એક જ સ્થળે સરળ રીતે પ્રાપ્ત થાય એ પ્રકારની વ્યવસ્થા આ સેવાસેતુ કાર્યક્રમમાં કરવામાં આવે છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી અનિલભાઈ ગોપલાણી દ્વારા દુરથી આવેલા લોકો ને પ્રાથમિકતા આપી અડચણ ન થાય અને તાત્કાલીક તેમનું કામ ઝડપથી પૂર્ણ થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવા સુચન કરેલ. સુરત ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે જણાવ્યુ કે,આ કાર્યક્રમ થકી છેવાડાના નાગરીકો સુધી યોજનાઓ પહોંચે તેવા સરકાર ધ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. લોકોને ખુબ જ સરળતાથી લોકોના દ્વાર સુધી પહોંચીને સેવાસેતુના કાર્યક્રમના માધ્યમ બનીને સેવાઓ આપવામાં આવી રહી છે. સરકારની વિવિધ યોજનાલક્ષી કાર્યક્રમમાં લોકો વધુમાં વધુ લોકો સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવે તેવી અપીલ કરી.મા.મેયરશ્રી જગદીશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આજનો સમય બદલાયો છે, કે સરકારશ્રીની યોજનાઓના લાભ,પ્રમાણપત્ર,સર્ટી,કાર્ડ વગેરે મેળવવા સરકારી વિભાગો સુધી જવુ પડતુ નથી પરંતુ સેવાસેતુ કાર્યક્રમ ધ્વારા લોકોનો સમય બચી રહે છે અને લોકોને સરળતાથી લાભ પ્રાપ્ત કરી રહયા છે.આ કાર્યક્રમને ઉત્સવ ગણીને લોકોએ વધુમાં વધુ લોકો લાભ મેળવે એવી આશા વ્યકત કરી. આજના સેવાસેતુ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શાશક પક્ષના નેતાશ્રી ગિરજાશંકર મિશ્રા તથા આભારવિધી ગ્રુહ નિર્માણ અધ્યક્ષાશ્રી સુચીત્રાબેન પટેલે કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સુરત ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,નેતાશ્રી, શાસકપક્ષના શ્રી ગીરિજાશંકર મીશ્રા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન  કુલ **1631** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૩૧
તા. ૧૬/૧૧/૨૦૧૯


સુરત મહાનગરપાલિકા


“સેવા સેતુ કાર્યક્રમ”




Surat
સુરત મહાનગરપાલિકા
સેવા સેતુ કાર્યક્રમ થકી પારદર્શી પ્રશાસનની પ્રતીતિ

# સુરત મહાનગરપાલિકા

## અખબારી યાદી

## નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (DAY-NULM) હેઠળ શહેર વિસ્તારમાં હયાત માર્કેટોના નવીનીકરણ તથા નવી માર્કેટો બનાવવાનું રૂા.૫૦ કરોડનું આયોજન : મેયરશ્રી અને કમિશનરશ્રી ધ્વારા જાહેરાત

સુરત શહેર વિસ્તારમાં શહેરી ફેરીયાઓ અસંગઠીત રીતે શહેરના આઠ ઝોનના મુખ્ય માર્ગો તથા અન્ય માર્ગો પર દબાણ કરી આજીવીકા મેળવે છે જેના કારણે શહેરમાં ટ્રાફીકની સમસ્યા રહે છે. શહેર વિસ્તારના તમામ ઝોનમાં શહેરના નાગરીકોની સુવિધા માટે વેજીટેબલ માર્કેટો બનાવવામાં આવેલ છે. જે હાલની જરૂરીયાત મુજબ અપૂરતા હોય, કેન્દ્ર સરકારશ્રીની દિન દયાલ અંત્યોદય યોજના – નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (DAY-NULM) યોજનાના સપોર્ટ ટુ અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ(SUSV) ઘટક અંતર્ગત સુરત શહેરમાં હયાત જુના માર્કેટોમાં નવીનીકરણ કરવા તેમજ શહેરમાં જયાં આયોજનબધ્ધ વેજીટેબલ માર્કેટોનો અભાવ છે તેવા સ્થળોનો અભ્યાસ કરી શહેરના તમામ ઝોનમાં નવા વેન્ડીંગ ઝોન નકકી કરી વધુ નવા માર્કેટો બનાવવાના આયોજનો નકકી કરવામાં આવેલા છે.

સદરહુ નવીનીકરણ થનાર તથા નવા બનનાર તમામ વેજીટેબલ માર્કેટોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે પેવીંગ રોડ, પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્ટોમ ડ્રેનેજ, શૌચાલય, રીચાર્જ બોરવેલ તેમજ પાર્કિંગની સુવિધાઓ સહિત બનાવવામાં આવનાર છે. સદર માર્કેટોમાં અગ્નિ શમન સાધનો, સોલાર પેનલ, ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર, તેમજ સલામતીને ધ્યાને લઈ CCTV કેમેરા પણ રાખવામાં આવશે. વધુમાં, શહેર વિસ્તારમાં આવેલ હયાત જુના/જર્જરિત મટન માર્કેટો તેમજ ફીશ માર્કેટોનું પધ્ધતિસર નવીનીકરણ કરવાનું આયોજન પણ હાથ ધરવામાં આવનાર છે.

આ આયોજન મુજબ શહેરમાં અઠવા ઝોનમાં ૩ (ત્રણ), રાંદેર ઝોનમાં ૯ (નવ), કતારગામ ઝોનમાં ૪ (ચાર), લિંબાયત ઝોનમાં ૧૦ (દશ), ઉધના ઝોનમાં ૨ (બે), વરાછા ઝોનમાં ૪ (ચાર) તેમજ સેન્ટ્રલ ઝોનમાં ૪ (ચાર) – સ્થળો મળી કુલ ૩૬ વેજીટેબલ માર્કેટોનું (૪૦૦૦ થી વધુ બેઠક વ્યવસ્થા) નું રીનોવેશન તથા નવા માર્કેટોનું – અંદાજિત રૂા.૫૦ કરોડના ખર્ચનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જે તમામ કામોની તબકકાવાર સુરત મહાનગરપાલિકાની સક્ષમ સતાની વહીવટી અને તાંત્રિક મંજુરી મેળવી, ગ્રાન્ટ મેળવવા સારૂ સરકારશ્રીમાં ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ રજુ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

## -: પ્રેસ નોટ:-

# સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૧૦૯૨,૧૭૧ જેટલા બાળકોની આરોગ્ય તપાસણી નું કાર્ય પ્રગતિ હેઠળ

ગુજરાત રાજ્યના બાળકોના સ્વાસ્થ્યને સંદર્ભે મહત્વાકાંક્ષી એવા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫/૧૧ /૨૦૧૯ થી તા. ૩૦/૦૧/૨૦૨૦ દરમ્યાન શાળા આરોગ્ય સપ્તાહ સ્વરૂપે શાળા આરોગ્ય કાર્યક્રમ ચાલુ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી /બાલવાડીના તમામ બાળકો , ધોરણ ૧ થી ૧૨મા અભ્યાસ કરતા વિધાર્થીઓ, શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો, આશ્રમ શાળાના વિધાર્થીઓ, ચિલ્ડ્રન હોમ / અનાથાશ્રમના બાળકો , અને પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ મદ્રેસાઓ વિગેરીના બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે.

નાના બાળકોમા થતી સામાન્ય બિમારીઓ જેવી કે , એનેમીયા, આંત્ર કૃમિ , રતાંધણાપણુ, દ્રષ્ટીની ખામી, નાક કાન અને ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનુ શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપવામા આવે છે. શાળા આરોગ્ય સપ્તાહના કાર્યક્રમમા બાળકોને સ્વછતા કેળવવા , બાળ પ્રતિભાનુ વિકાસ કરવા તેમજ બાળકોમા રહેલી આવડતને બાહર લાવવા મંચ પૂરૂ પાડવા , વૃક્ષા રોપણ દ્વારા પ્રદુષણ સામે રક્ષણ મેળવવા , આરોગ્ય લક્ષી પ્રદર્શન દ્વારા રોગોથી બચવાના આગોતરા ઉપાય કરવાના શિક્ષણ દ્વારા બાળકોને સમાજોપયોગી કાર્યનુ શિક્ષણ આપવામા આવે છે. દાદા દાદી મીટીંગ, વાલી મીટીંગ, આરોગ્ય લક્ષી પ્રદર્શનઅંતર્ગત બાળકોને આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામા આવે છે.

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન મળી આવતા હ્રદય , કીડની, કેન્સર જેવા ગંભીર બિમારી વાળા બાળકોને ઓપરેશન સહિતની તમામ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામા આવે છે. આ ઉપરાંત કીડની ટ્રાંસપ્લાન્ટ, લીવર ટ્રાંસપ્લાન્ટ, બોર્ન મેરો ટ્રાંસપ્લાન્ટ સહિતની 30 જેટલી અતિ ખર્ચાળ સારવાર પણ વિના મૂલ્યે પૂરી પાડવામા આવે છે. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ સમગ્ર વર્ષ દરમ્યાન બાળકોના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ડેડીકેટેડ મોબાઈલ હેલ્થ ટીમની ફાળવણી કરવામા આવેલ છે , આ ટીમો દ્વારા ૪-ડી(બર્થ ડીફેક્ટ , ડીસીસ, ડેફીસીયંસીતેમજ ડેવેલેપમેન્ટલ ડીલે અને ડેફીસીયંસી) મુજબ બાળકોના રોગોની શ્રેણી નક્કી કરી સારવાર માટેના વિશેષ કેંદ્રો ઉપર મોકલી અદ્યતન સારવાર આપવામા આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા સરકારી અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓ મળી કુલ-૨૭૩૫ શાળાઓ અને ૧૧૫૦ જેટલી બાલવાડી તથા આંગણવાડી મળી શહેરની કુલ- ૩૮૮૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના અંદાજીત ૧૦ ,૯૨,૧૭૧ (દસ લાખ બાણું હજાર એકસો એક્કોતેર) જેટલા બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવારનો લક્ષ્યાંક નક્કી કરવામા આવેલ છે. જે કાર્ય સુરત મહાનગરપાલિકાના કુલ – ૪૫ શહેરી આરોગ્ય કેંદ્ર ઉપર્થી ૧૩૨ જેટલી ટીમો દ્વારા કાર્યક્રમના નિયત સમય દરમ્યાન પૂર્ણ કરવામા આવશે.

**જન સંપર્ક વિભાગ. સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર યાદી નં-. 533 તા. ૧૮ /૧૧/૨૦૧૯**

# વન ડે વન વોર્ડ કાર્યક્રમ

## મંગળવાર તા. ૧૯/૧૧/૨૦૧૯

## ઈલેકશન વોર્ડ નં. ૦૧ (રાંદેર - જહાંગીરપુરા - વરીયાવ)

## પ્રેસ નોટ

- આજરોજ ગેરહાજર/મોડેથી આવેલ કર્મચારીઓનો ખુલાસો માંગવા માટે સુચના આપવામાં આવી.
- બાયોમેટ્રિક મુજબ મોડા આવતા/ગેરહાજર રહેતા ૫૦૦ જેટલા કમર્ચારીઓને નોટીસ આપવા સુચના આપવામાં આવી.
- ૯૦ દિવસથી વધુ ગેરહાજર રહેનાર કર્મચારીઓને બરતરફ કરવામાં આવ્યા.
- સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આઉટર રીંગરોડ બનાવવાની કામગીરી હવે URDCL ના STANDARD મુજબ કરવા સુચના આપી.
- સુભાષ ગાર્ડનની મુલાકાત કરવામાં આવી તેમજ થઈ રહેલ કામગીરી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં પૂરી કરવા સુચના આપી.
- ફીશ માર્કેટના આયોજન અન્વયે જગ્યા ઉપરના દબાણને દુર કરવા સુચના આપી.
- હેલ્થ સેન્ટર-૨, NULM-૨ પ્રોજેક્ટ થી સારોલી બ્રીજ સૂચિત પ્રોજેક્ટ, ઇસ્કોન મંદિર સામે સૂચિત નવું ફાયર સ્ટેશન, રેનબસેરા-૨ ની મુલાકાત કરવામાં આવી અને બજેટ મુજબ તુર્તજ કાર્યવાહી માટે સુચના આપવામાં આવી.
- પાલનપુર ખાતે ટીપી 44, એફપી ૫૪,૫૫ માં રમત-ગમત-ફૂટબોલના મેદાનમાં ઇન્ડોર ગેમ વગેરેનુ આયોજન.
- BRTS રોડ પર લોકો ક્રોસ કરતા હોય ત્યાં લાલ કલર કરવા સુચના આપી.
- કેનાલ રોડની સાઈટ વિઝીટ દરમ્યાન ચાલવા માટે વોક વે બનાવવાનું આયોજન.
- આજ રોજ સર્વે કરવામાં આવેલ દરમ્યાન ડેન્ગ્યુંના કેસ મળેલ હોય તો દંડ કરવા સુચના આપવામાં આવી.
- ગુજરાત ગ્રામ્ય ગૃહનિર્માણ બોર્ડ વિસ્તારમાં આવેલ સોસાયટીમાં માળખાકીય સુવિધા અન્વયે પાણીનુ સ્ટેન્ડપોસ્ટ આપવા સુચના આપવામાં આવી તેમજ આઈ.સી. ના નાણા ભરવા રહીશોને સમજ આપવામાં આવી.
- આઉટર રીંગરોડ તથા વસવારી ફાટક જંકશન સૂચિત ઓવેર બ્રિજની મુલાકાત કરી.
- વરીયાવ, છર્ન્નું કોલોની આંગણવાડીની મુલાકાત લઈ, ત્યાંના કર્મચારીઓ અને બાળકો સાથે વાતચીત કરી, બાળકોને આનંદ આવે તે મુજબ સમય પસાર કર્યો.
- આંગણવાડીની મુલાકાત દરમ્યાન કુપોષણ અંગે ૨ બાળકોની માહિતી મળતા તેઓને જરૂરી ટ્રીટમેન્ટ અન્વયે નાયબ આરોગ્ય અધિકારીને સુચના આપવામાં આવી. અને સમગ્ર સુરત મહાનગર પાલિકા વિસ્તારમાં કુપોષિત બાળકોનો સર્વે કરવા અને આવતા બુધવારની મીટીંગમાં ચર્ચા કરવા જણાવવામાં આવ્યું.

● ટીપી ૩૭ માં આઉટર રીંગરોડ બનાવવાના કામે કબજો લેવા તાકીદે કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી.

● વરીયાવ ખાતે GWSSB ના ઈન્ટેકવેલ પાસે રસ્તા પર ભૂવો (ખાડો) પડેલ છે. જે અન્વયે તાકીદે ભૂવો પુરવાની કામગીરી કરવા GWSSB ના અધિકારીને સુચના આપવામાં આવી.

**સમાચારયાદી નં.૫૩૪, તા.૧૯/૧૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**





















# પ્રેસનોટ

ચોકકજાર સ્થિત ઐતિહાસિક કિલ્લા ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો કરવાની કામગીરી કરવા માટે DC-FORT-EOI-01-2019 થી Expression of Interest (EOI), મંગાવવામાં આવેલ છે. સદર Expression of Interest (EOI)ના ડોકયુમેન્ટસ સ્વીકારવાની સમય મર્યાદા તા.૨૦/૧૧/૨૦૧૯ સુધીની રાખવામાં આવેલ છે જે તા.૨૭/૧૧/૨૦૧૯ સુધી લંબાવવામાં આવેલ છે. Expression of Interest (EOI) અન્વયે જરૂરી તમામ ડોકયુમેન્ટસ તા.૨૭/૧૧/૨૦૧૯ સુધી મુખ્ય હિસાબનીશશ્રીની કચેરી, હિસાબીશાખા, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩ સરનામા ઉપર ભારતીય પોસ્ટલ ડિપાર્ટમેન્ટ મારફત મોકલી આપવાનું રહેશે. સમયમર્યાદા બાદ મળેલ Expression of Interest (EOI) સ્વીકારવામાં આવશે નહી. વધુ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર ઉપલ્બધ છે તથા ઈ–મેલ sciencecentre@suratmunicipal.org પર સંપર્ક કરવાનો રહેશે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી.આર.ઓ.નં. ૫૩૫
તા. ૨૦/૧૧/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ અન્વયે સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે : –

**(૧)** વોર્ડ નં.૧, નોંધ નં.૩૯૫૮ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી લીધા વિના મિલ્કતદારશ્રી ધ્વારા રોડ એલાઈમેન્ટવાળા સરકારી જગ્યાવાળા ભાગમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૧૮/૧૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના ડે.ઈજનેરશ્રી સહિત શહેર વિકાસ વિભાગ સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત બે માળ પર આશરે ૧૪૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી તેમજ સી.એન્ડ ડી.વેસ્ટ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

**(૨)** વોર્ડ નં.૨(સગરામપુરા), નોંધ નં.૨૬૩૦/સી વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી લીધા વિના મિલ્કતદારશ્રી ગુલામ સાબીર ઈસ્માઈલ શેખએ કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૨૦/૧૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પ્રથમ માળથી પાંચ માળ સુધી આશરે ૪૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી તેમજ સી.એન્ડ ડી.વેસ્ટ પેટે રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૩૬
તા.૨૦/૧૧/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

### સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ ઝુંબેશ.

સેન્ટ્રલ ઝોનના નવસારી બજાર પોલીસ ચોકીની પાછળ ના ટેકરા પર વસ્તા પશુપાલકો દ્વારા તેમના રહેઠાણ પાસે પોતાના ઢોર બાંધી ગંદકી કરતા હોવાની ફરિયાદ મળતાં આજરોજ તારીખ:- ૨૧/૧૧/૨૦૧૯ ના રોજ સવારે સેન્ટ્રલ ઝોન, વોર્ડ નંબર-૮ ના સેનિટેશન વિભાગના સ્ટાફને હાજર રાખી તમામ પશુપાલકોને જાહેરમાં ગંદકીનો ઉપદ્રવ કરવા બદલ રૂપિયા ૭૦૦૦/- નો દંડ કરી લેખિત ચેતવણી આપવામાં આવેલ છે તેમજ ૨ (બે) પશુપાલકો દ્વારા તેમના ઢોર ભગાવી જવા બદલ બંને પશુપાલકો પાસેથી રૂપિયા ૧૯૦૦૦/- દંડની વસુલાત કરી કુલ રૂપિયા ૨૬ હજાર ની સ્થળ ઉપર વસુલાત કરી મ્યુ.તિજોરીમાં જમા કરવામાં આવેલ છે. વધુમાં તેઓ તમામ ની સામે ઉકત સ્થળે ગંદકીનો ઉપદ્રવ ઊભો કરવા બદલ મ્યુ.કોર્ટમાં ફરિયાદ દાખલ કરવા સંબંધિત વોર્ડના આરોગ્ય નિરીક્ષકને સૂચના આપવામાં આવેલ છે. જે માર્કેટ ખાતે એક યાદીમાં જણાવેલ.

સમાચાર યાદી નં. ૫૩૭
તારીખ: ૨૧/૧૧/૨૦૧૯
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા,સુરત.

હાલમાં પડેલા સતત વરસાદ તેમજ અનુકુળ વાતાવરણને લીધે ડેંન્ગ્યુનો ઉપદ્રવ વઘવાની શકયતા હોય અને કતારગામ ઝોનમાં ઘણી ખરી વસ્તી સૌરાષ્ટ્ર બાજુથી આવતી હોય તેઓ દિવાળીનાં વેકેશનમાં રજા માણવા વતન ગયેલા, વઘુમાં સૌરાષ્ટ્રમાં પણ ડેંન્ગ્યુનો ઉપદ્રવ હોય માઈગ્રેશનના લીધે ત્યાંથી ઈન્ફેકશન લઈને સુરતમાં આવેલ હોય અહીં રોગચાળાનો ફેલાવો ન થાય તે સારૂ મા.કમિશ્નર સાહેબશ્રી તરફથી મળેલ સુચના અન્વયે કતારગામ ઝોનમાં આજ રોજ તમામ સ્કુલો, કોર્મશીયલ મિલ્કતો તેમજ બાંધકામ સર્વે કરવામાં આવેલ છે. બાળકો માટે ડેંન્ગ્યુએ સૌથી વઘુ ભયજનક હોય તેમજ તેમનામાં ડેંન્ગ્યુ તાવનાં કોમ્પલીકેશન વઘી શકે તેમ હોવાથી આજ રોજ શાળાઓમાં અને કોમર્શીયલ સંસ્થાઓનો સર્વે કરવામાં આવેલ છે.

જેમાં આજ રોજ કતારગામ ઝોનનાં વી.બી.ડી.સી વિભાગ ઘ્વારા કુલ ૫૫ શાળાઓમાં ચેકીંગ હાથ ઘરવામાં આવતા જેમાંથી કોઈ પણ શાળામાંથી મચ્છરજન્ય પરિસ્થીતી માલુમ પડેલ નથી..

વઘુમાં, ૧૯ કોમર્શીયલ મિલ્કતમાં ચેકીંગ હાથ ઘરવામાં આવતાં ચામુંડા સર્વિસ સ્ટેશન, રામકથા રોડ કતારગામમાં, ટાયરમાં એડીસ મચ્છરનું બ્રિડીંગ મળી આવતા નોટીસ આપી **"સીલ"** કરવામાં આવેલ છે, અને ૧૦ નકામા ટાયર જપ્ત કરેલ છે, તેમજ અમરોલી, ક્રોસ રોડ શોપીંગ સેન્ટરમાં ડોલમાંથી એડીસ મચ્છરનું બ્રિડીંગ મળી આવતા ૧૦૦૦/– રૂા.વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વઘુમાં, કતારગામ ઝોનમાં આવેલ ૧૭ બાંધકામ ચેક કરતા આદર્શ સોસાયટીમાં રેસીડેન્શીયલ બાંધકામ,આંબાતલાવડીમાંથી બ્રિડીંગ મળી આવતા ૩૦૦૦/– રૂા. વહીવટી ખર્ચ, યુનાઈટેડ કોર્પોરેશન, સિંગણપોરમાંથી ૪૦૦૦/– રૂા.તેમજ અન્ય બાંધકામો મળી કુલ ૨૦૦૦૦/– રૂા. વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબરઃ–૫૩૮
તા. ૨૧/૧૧/૨૦૧૯





# —:: પ્રેસનોટ ::—

તા.૨૧=૧૧–૨૦૧૯ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય ખાતા દ્વારા "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઇસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૩૯ | ૧૮ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| વરાછા (એ) | ૧૭૮ | ૧૭૮ | ૩૨ | ૩૨ | ૬૪૦૦ |
| વરાછા (બી) | ૪૯ | ૨૮ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| રાંદેર | ૬૦ | ૩૭ | ૧૯ | ૧૯ | ૩૮૦૦ |
| કતારગામ | ૭૮ | ૫૬ | ૩૪ | ૨૦ | ૪૦૦૦ |
| ઉધના | ૧૪૮ | ૩૮ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| લિંબાયત | ૩૫ | ૫૦ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| અઠવા | ૯૨ | ૪૧ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| કુલ | ૬૭૯ | ૪૪૬ | ૧૭૨ | ૧૫૮ | ૩૧૬૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 539
તા.૨૧-૧૧-૨૦૧૯

# <u>પ્રેસ નોટ</u>

સુરત શહેરના અડાજણ તથા અઠવા વિસ્તારોને જોડતા તાપી નદી પરના બી.આર.ટી.એસ. ફેઝ–૨ અંતર્ગત પાલ ઉમરા બ્રીજના ઉમરાગામ તરફના એપ્રોચ માટે ઘણાં સમયથી મિલ્કતદારો સંમતિ ન આપવાને કારણે પરસ્પર સંમતિથી જગ્યા મેળવવાનું કામ ખોળંભે પડેલ છે. તા.૧૩/૧૧/૨૦૧૯ ના રોજ અસરગ્રસ્તો સાથે મે.કમિશ્નરશ્રીની મીટીંગ થયેલ. જેમાં મે.કમિશ્નરશ્રી ધ્વારા વિસ્તૃત સમજુતી આપી અને એક અઠવાડીયામાં અસંમત અસરગ્રસ્તોને અંતિમ નિર્ણય પર આવવા જણાવેલ. જે અઠવાડીયાનો સમય પૂર્ણ થયા બાદ તા.૨૧/૧૧/૨૦૧૯ ના રોજ અસંમત અસરગ્રસ્તોને ફરીથી ચર્ચા માટે બોલવવામાં આવેલ પરંતુ અસરગ્રસ્તો હાજર રહેલ નથી. જે અંગે મે.કમિશ્નરશ્રી ધ્વારા કાયદાકીય જોગવાઈઓ અનુસાર લાઈનદોરી મુકી જરૂરી જગ્યાઓ મેળવવાની કાર્યવાહી અગ્રિમતાના ધોરણે હાથ ધરવા સુચના આપેલ છે. જે અન્વયેની કાર્યવાહી તાકીદના ધોરણે હાથ ધરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**વરાછા ઝોન–એ વહીવટી ભવન,સૈફી સોસા.ની બાજુમાં,લંબેહનુમાન રોડ,સુરત,સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૨૨/૧૧/૨૦૧૯ ના રોજ*** સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન ***વરાછા ઝોન–એ વહીવટી ભવન,સૈફી સોસા.ની બાજુમાં,લંબેહનુમાન રોડ,સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી ડો.જગદીશભાઈ પટેલે જણાવ્યુ કે, સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ તમે લો અને તમારા સબંધીઓને તેમજ જરૂરિયાતમંદ પાડોશીઓને પણ જાણ કરો જેથી તેઓ સેવાસેતુ કાર્યક્રમમાં મળતી વિવિધ સેવાઓનો લાભ મેળવી શકે. ૧૬૨ કરંજ વિધાનસભા ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ પણ સેવાસતુ કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો લાભ લે તેવી અપીલ કરી હતી. લોકોને ખુબ જ સરળતાથી લોકોના દ્વાર સુધી પહોંચીને સેવાસેતુના કાર્યક્રમના માધ્યમ બનીને સેવાઓ આપવામાં આવી રહી છે. સરકારની વિવિધ યોજનાલક્ષી કાર્યક્રમમાં લોકો વધુમાં વધુ લોકો સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવે તેવી અપીલ કરી.મા.મેયરશ્રી જગદીશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આજનો સમય બદલાયો છે, કે સરકારશ્રીની યોજનાઓના લાભ,પ્રમાણપત્ર,સર્ટી,કાર્ડ વગેરે મેળવવા સરકારી વિભાગો સુધી જવુ પડતુ નથી પરંતુ સેવાસેતુ કાર્યક્રમ ધ્વારા લોકોનો સમય બચી રહે છે અને લોકોને સરળતાથી લાભ પ્રાપ્ત કરી રહયા છે.આ કાર્યક્રમને ઉત્સવ ગણીને લોકોએ વધુમાં વધુ લોકો લાભ મેળવે એવી આશા વ્યકત કરી.

આ સેવાસેત_ કાર્યક્રમમાં ૧૬૨ કરંજ વિધાનસભા ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ <u>૨૪૫૩</u> લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૪૯
તા. ૨૨/૧૧/૨૦૧૯









# -: પ્રેસ નોટ :-

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ-૨૦૧૯-૨૦ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા૧૦,૯૨,૧૭૧ બાળકોની આરોગ્ય તપાસણીના કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો. .

સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨ મા અભ્યાસ કરતા ખાનગી અને સરકારી શાળાઓના ૧૮ વર્ષની ઉમર સુધીના બાળકો , નવજાત શિશુથી ૧૮ વર્ષની ઉમર સુધીના શાળાએ ન જતા તમામ બાળકો , આશ્રમ શાળા, વિશેષ શાળાના બાળકો , જુવેનાઈલ હોમના બાળકો , તેમજ પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ અને અન્ય સંસ્થાના તમામ બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૯-૨૦ , આગામી તા. ૨૫/૧૧/૨૦૧૯ થી તા. ૩૦/૦૧/૨૦૨૦ દરમ્યાન અમલમા લાવવાનુ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામા આવેલ છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ આજ તા.૨૫/૧૧/૨૦૧૯ના રોજ સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ)ડો. આશિષ નાયક ની સૂચનાથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતી સંચાલિત ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪ ,કૃષ્ણ કુંજ સોસાયટી , અડાજણ,સુરત ખાતે આયોજિત કરવામા આવ્યો હતો , જેમા આરોગ્ય સમિતીના ચેરમેન શ્રી દિગ્વીજયસિંહ બારડ ,ન.પ્રા.શિક્ષણ સમિતી-સુરતના ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ , મ્યુ. સદસ્ય શ્રી પ્રવિણભાઈ પટેલ , આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદીપ ઉમરીગર , મેડીકલ ઓફિસરશ્રી (વર્ગ-૦૧) ડો. ફેનીલ પટેલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કેતન ગરાસીયા , ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. ચેતન ચોકસીતેમજ શાળાના આચાર્યા શ્રીમતી તૃપ્તીબેન કાનાણી તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ , આંગણવાડીની બહેનો , શાળાનો શિક્ષક ગણ, શાળા આરોગ્ય તપાસણીની ડોક્ટરોની ટીમ તેમજ આ કાર્યક્રમના લાભાર્થી વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪ ના વિધાર્થીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત ગીતદ્વારા કર્યુ હતુ, ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ , મહાનુભાવો દ્વારા શાળાના પટાંગણ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો.

સ્વાગત પ્રવચન કરતા આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદીપ ઉમરીગરએ પોતાના વકતવ્યમા જણાવ્યુ હતુ કે , વર્ષ ૨૦૦૪-૦૫ થી રાજ્ય સરકાર દ્વારા હાલના શાળા આરોગ્ય કાર્યક્રમ સફળતા પૂર્વક અમલમા લાવવામા આવી રહ્યો છે , વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા સરકારી અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિકશાળાઓ મળી કુલ-૨૭૩૫ શાળા અને ૧૧૫૦ જેટલી બાલવાડી તથા આંગણવાડી મળી શહેરની કુલ - ૩૮૮૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના ૧૦,૯૨,૧૭૧ (દસ લાખ બાણૂં હજાર એકસો એક્કોતેર) જેટલા બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવારનો લક્ષ્યાંક નક્કી કરવામા આવેલ છે .જે કાર્ય સુરત મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેંદ્ર ઉપરથી ૧૩૨ આરોગ્ય ટીમો દ્વારા કરવામાં આવશે.

ઉપસ્થિત મહાનુભવો દ્વારા જાહેર જનતા જોગ જણાવવામાં આવેલ કે , ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા દ્વારા હંમેશા નાગરીકોના સ્વાસ્થ્યની કાળજી લેવામાં આવે છે. આ શાળા આરોગ્ય કાર્યક્રમ થકી ૧૮ વર્ષની ઉમર સુધીના તમામ બાળકોના આરોગ્યની કાળજી લેવાનું અને જરૂર જણાય વિનામૂલ્યે સારવાર આપવાનું ભગીરથ કાર્ય સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે જેનો લાભ લેવા શહેરના તમામ વાલીઓ ને હાર્દિક અપીલ છે.

**જન સંપર્ક વિભાગ.**

**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર,સમાચાર યાદી નં ૫૪૨, ૨૫/૧૧/૨૦૧૯**



**સુરત મહાનગર પાલિકા**

**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**

**અખબારી યાદી**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા. ૧૮/૧૧/૨૦૧૯ થી ૨૪/૧૧/૨૦૧૯ દરમિયાન વસૂલ કરેલ વહીવટી ખર્ચની વિગત

વાહક જન્યરોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છર જન્ય રોગોના નિયંત્રણ માટેતા.૧૮/૧૧/૨૦૧૯ થી ૨૪/૧૧/૨૦૧૯ દરમિયાન તમામ ઝોનમાં સર્વ દરમ્યાન **સેન્ટ્રલ ઝોન**માંથી રીદાન પેલેસ વેડ દરવાજાનું બાંધકામ ૨૦૦૦, ભથીયારા મહોલ્લોનું બાંધકામ ૩૦૦૦ કુલ **૧૯૩૦૦/–** ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. **વેસ્ટ ઝોન**માંથી યુનિક ડેવલોપર્સ ૫૦૦૦,લાઈવ ઈન સ્ટાઈલ બાંધકામ ૫૦૦૦ કુલ **૪૦૨૦૦**/– ~.વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. **સાઉથ ઝોન**માં દક્ષેશ્વરનગર ૨૦૦૦, અલથાન રોડ ૩૦૦૦,પાંડેસરા ૩૦૦૦ કુલ **૩૯૯૦૦ /–** ~Pવહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.**સા–ઈસ્ટ** ઝોનમાં પરવેશ અલાઉદીન ૧૬૦૦,બબનભાઈ વિશ્વનાથ ખામકર કુબેરનગર ગોડાદરા ૧૦૦૦, શિવદાસ શંકર બડગુજર ૨૧૨,લક્ષ્મીનારાયણ,૧ ડીંડોલી ૩૦૦૦, કુલ ૧૮૯૫૦ /– ~.વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.**સા વેસ્ટ ઝોન**માં જયેશ કેશવલાલ પટેલ ૨૦૦૦, પ્રદિપભાઈ દેસાઈ ૧૦૦૦, ડાયમંડ બુર્સ ૧૦૦૦૦ કુલ **૨૭૪૦૦ /–**~.વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. **નોર્થ ઝોનમાં** નવી જી.આઈ.ડી.સી. બાધંકામ પિન્ટુભાઈ ૫૦૦૦, કીરીટભાઈ ડુંગરાણી ૨૦૦૦, યુનાઈટેડ કોર્પોરેશન ૪૦૦૦, ઓમ સાંઈ એન્ટરપ્રાઈઝ સિલ્વર લકઝુરીયા ૧૦૦૦૦ કુલ **૨૭૪૦૦ /–** ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.**ઈસ્ટ એ** ઝોનમાં મેઘમયુર રિયાલીટી,ફુલપાડા ૫૦૦૦, ૫૩–નંદનવન

સો કુલ ૧૨૩૦૦ /– ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. **ઈસ્ટ બી** ઝોનમાં એકતા રો હાઉસ,મોટા વરાછા ૧૦૦૦, આમ્રકુંજ સોસા., પુણા–સીમાડા ૧૦૦૦,સરથાણા ૧૯૦૦ કુલ **૧૨૭૦૦** /– ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.**આમ તમામ ઝોનમાંથી કુલ ૧,૮૭,૬૫૦ /– ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.**

**તા.૧૮/૧૧/૨૦૧૯ થી ૨૪/૧૧/૨૦૧૯ દરમિયાન** મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે ઘરે ઘરે સર્વે દરમ્યાન કુલ ૪૦૪૦૯૪ ઘરોમાં ૧૨૨૨૦૪૭ સ્પોટ સર્વે કરી કુલ ૪૧૫૫ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે, ૧૨૩૮ બાંધકામમાં ૬૪૦૪૦ સ્પોટ સર્વે કુલ ૯૧૬ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે, ૧૦૨૪ નોટીસ આપી ૧૮૭૬૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે,

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૫૪૩
તા. ૨૫–૧૧–૨૦૧૯

# પ્રેસ નોટ

## સુરત ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરી

| | |
|---|---|
| **ઈન્ફ્રાસ્ટ્રકચર** | |
| ૦૧ | હાલનાં ઉપલબ્ધ ૧૬ ફાયર સ્ટેશન સિવાય સુરત શહેરની વસ્તીની ગીચતા અને ભોગોલિક સ્થિતિને ધ્યાને લેતા સાઉથ વેસ્ટ ઝોન ખાતે–૦૪, ઈસ્ટ ઝોન ખાતે –૦૨, વેસ્ટઝોન ખાતે–૦૨ સાઉથ ઝોન ખાતે –૦૪ તેમજ નોર્થ ઝોન ખાતે –૦૧ મળી કુલ નવા –૧૩ ફાયર સ્ટેશનો બનાવવાની કામગીરી સંબધિત ઝોન મારફત ચાલુ છે. |
| ૦૨ | આગના સમયે ફાયર ટેન્ડરોમા પાણી ભરવા માટે વધારાના શહેરના ૧૭ જેટલા સ્થળોએ રીફીલીગ માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| ૦૩ | ફાયર સ્ટાફ માટે ટ્રેનીગ સેન્ટર તૈયાર કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. |
| ૦૪ | ફાયરના વાહનોના પંપ અને પીટીઓની રીપેરીગ તેમજ મેઈન્ટેનન્સ માટે અલગથી કતારગામ ફાયર સ્ટેશન ખાતે વર્કશોપ બનાવવાની કામગીરી ચાલુ છે. |
| ૦૫ | ફાયર સેફટીની સાધન સામગ્રી માટે સેન્ટ્રલ ફાયર સ્ટોર કતારગામ ફાયર સ્ટેશન ખાતે કામગીરી ચાલુ છે. |
| **વાહનો** | |
| ૦૬ | દરેક ફાયર ફાઈટીગ વાહનોમાં વ્હીકલ ટ્રેકીગ સીસ્ટમ લગાડવામાં આવેલ છે. |
| ૦૭ | ફાયર વાહનોના ડી સેન્ટ્રલાઈઝેશન માટે વ્યવસ્થા ઉભી કરવાની કામગીરી ચાલુ છે. |
| ૦૮ | ફાયર કંટ્રોલરૂમમાં કોલ રેકોડીગ સીસ્ટમ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |
| ૦૯ | દરેક ફાયર સ્ટેશન ઉપર કલોઝ સર્કીટ ટીવી–કેમેરા અને ડીજીટલ કલોક ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |
| **મેનપાવર** | |
| ૧૦ | ફાયર સ્ટેન્ડીગ એડવાઈરી કમીટી ની ગાઈડલાઈન મુજબ ફાયર સ્ટાફ , પ્રિવેન્શન વિંગ અને ટ્રેનીગ સેન્ટર માટે એડી. ચીફ ફાયર ઓફીસર– ૧(એક), ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર–૪ (ચાર) ડીવીઝનલ ફાયર ઓફીસર–૪(ચાર), માર્શલ–(ફાયરમેન)–૫૫૩ જગ્યા ઉભી કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. |
| **નવા સાધનો ની ખરીદી** | |
| ૧૧ | સ્ટેન્ડીગ કમિટિ ધ્વારા પ્રત્યેક ઝોન દિઠ–૦૧ મુજબ થર્મલ ઈમેજીગ કેમેરા(નાઈટ વિઝન) નંગ–૦૭ ખરીદવાનું મંજુર કરેલ છે. |
| ૧૨ | સુરત શહેરમાં ફાયર ફાઈટીગ અને રેસ્કયુ કામ અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા ટર્ન ટેબલ લેડર નંગ–૦૧, ફાયર સેફટી નેટ નંગ– ૩૪ તેમજ નંગ–૦૭ વોટર કમ ફોમ ટેન્ડર ખરીદી કરવામાં આવેલ છે. |
| ૧૩ | ટેન્ડર સ્કુટીની કમિટિએ પ્રત્યેક ઝોન દિઠ–૦૧ મુજબ જમ્પીગ કુશન નંગ–૦૭ ખરીદવાનો નિર્ણય લીધેલ છે. |
| ૧૪ | લાઈવ બોડી ડીટેકટર નંગ –૦૨ ખરીદવા માટે જી.ઈ.એમ. (ગર્વમેન્ટ ઈ– માર્કેટીગ) પોર્ટલ પર ભાવો મંગાવવામા આવેલ છે. |
| ૧૫ | ટર્ન ટેબલ લેડર નંગ–૦૨, એરીયલ લેડર પ્લેટફોમ નંગ–૦૨ તેમજ તેમજ એર (બ્રીથીગ) કોમ્પ્રેસર કીટ નંગ–૦૧ ખરીદવાની કાર્યવાહી ચાલુ છે. |
| **ફાયર વિભાગનું અપગ્રેડેશન** | |
| ૧૬ | ફાયર ખાતાનાં દરેક ફાયર સ્ટેશન ખાતે ત્રણેય શીફટમાં એક –એક કલાકની ડેઈલી તમામ પ્રકારની ફાયર ડ્રીલ, લેર્ડસ ડ્રીલ, લેડર્સ તેમજ બી.એ.સેટ ડ્રીલ, પંપ ડ્રીલની ટ્રેનિગ ફાયર ખાતાનાં અધિકારીશ્રીઓ ધ્વારા રોજીંદા કર્મચારીઓને આપવામાં આવી રહેલ છે. |
| ૧૭ | શહેરનાં થીયેટરમાં પ્રદર્શિત કરવા ફાયર સેફટીને લાગત ડોકયુમેન્ટરી ફીલ્મ બનાવેલ છે. |
| ૧૮ | આજદિન સુધી કુલ–૬૧૨ ફાયર વોલીયન્ટરનાં સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર ઓનલાઈન સીસ્ટમમાં રજીસ્ટ્રેશન કરેલ જે પૈકી ૧૫૩ વ્યકિતઓને દિન–૦૨ની તાલીમ આપવામાં આવેલ છે. તેમજ અન્યોને તાલીમ આપવાની કાર્યવાહી ચાલુ છે. |
| ૧૯ | ફાયર કંટ્રોલ રૂમ ખાતે કોલ પ્રોસીજર, ઈન્સીડન્ટ કમાન્ડ અને ફાયર ઓપરેશન માટે સ્ટાર્ન્ડ ઓપરેટીગ પ્રોસીજર બનાવવામાં આવેલ છે. |
| ૨૦ | ફાયર પ્રિવેન્શન વીગ ઉભી કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. |
| ૨૧ | ઓન લાઈન ફાયર એન. ઓ. સી. માટે સોફટવેર તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. |
| ૨૨ | વાણીજીયક, શૈક્ષણિક, હોસ્પિટલ, હોટલ– રેસ્ટોરન્ટ, ટેક્ષટાઈલ માર્કેટ, મોલ વિગેરેમાં નેશનલ બિલ્ડીગ કોડ અને ડાયરેકટર જનરલ ફાયર સર્વિસ પત્ર મુજબ થર્ડ પાર્ટી ધ્વારા ફાયર સેફટીનું ઈન્સ્પેકશન કરવા અંગેની પોલીસી બનાવવા સ્ટેન્ડીગ કમિટિમાં દરખાસ્ત પાઠવવામાં આવેલ છે |

**ઓપરેશનલ એક્ટીવીટી**

૨૩ વિવિધ પ્રકારની કુલ–૧૦૮ સંસ્થાઓ જેવી કે, ઈમારતો, કલાસીસ, હોસ્પિટલ, રેસ્ટોરન્ટ સ્ટાફ, કર્મચારીઓ, સ્કુલ/ટ્યુશનનાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ મળી કુલ –૧૨૫૩૫ વ્યક્તિઓને ફાયર ફાઈટીગની ટ્રેનિગ આપવામાં આવેલ છે. ડેમો આપવામાં આવેલ છે.

૨૪ ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા સુરત શહેરમાં આવેલ વિસ્તારોમાં અલગ અલગ સમયે જઈને ગીચ વસ્તી વિસ્તારમાં જઈ ફાયર ખાતાનાં એરીયલ લેડર્સ પ્લેટફોર્મ / ટર્ન ટેબલ લેડર અધિકારી / કર્મચારીનાં ક્રુ સહીત દરેક ઝોનમાં આજદિન સુધી કુલ–૩૩ મોકડ્રીલ હાથ ધરવામાં આવેલ છે.

૨૫ કોર્મશીયલ ઈમારતો /મોલ/ શોપીગ સેન્ટર/ ટેક્ષટાઈલ માર્કેટ/સીનેમાં/થીયેટર/બેક/ દુકાન/હોટલ રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/ વિગેરેમાં કરવામાં આવેલ કાર્યવાહીની વિગત

| ઈમારતોનો પ્રકાર | સર્વે કરવામાં આવેલ ઈમારતોની સંખ્યા | ફાયર સેફટીના અભાવે સીલ કરવામાં આવેલ ઈમારતોની સંખ્યા |
|---|---|---|
| **કોર્મશીયલ કોમ્પ્લેક્ષ, મોલ, થીયેટર, વગેરે** | ૪૧૬૬ | કુલ ઈમારતો ૨૩૧ (૧૮૬૪૫ દુકાનો) |
| **હોસ્પિટલ** | ૫૦૯ | ૩૧ |
| **હોટેલ–રેસ્ટોરન્ટ** | ૪૨૧ | ૧૮૯ |
| **ટ્યુશન કલાસીસ** | ૨૬૭૯ | ૩૯૨ |
| **સ્કુલ કોલેજીસ** | ૧૮૬ | ૧૧ |
| **ટેક્ષટાઈલ માર્કેટ** | ૧૬૭ | ૨૨ |
| **કુલ સંખ્યા** | ૮૧૨૮ | ૮૭૬ (૧૮૬૪૫ દુકાનો) |

૨૬ **<u>૧૫મી.થી વધુ હાઈટ ધરાવતી ૨૦૩૭ રહેણાંક ઈમારતો</u>**માં ફાયર વિભાગ તેમજ જેતે ઝોનનાં શહેરી વિકાસ વિભાગ ધ્વારા ફાયર સેફટીનો સર્વે કરવામાં આવેલ છે. જે પૈકી **<u>૭૭</u>** માં સીસ્ટમ ઉપલબ્ધ જણાયેલ છે. જ્યારે અપુરતી ફાયર સીસ્ટમ ધરાવતી / ફાયર સેફટી સીસ્ટમ ન હોય તેવી.**<u>૧૯૬૦</u>** ઈમારતોને નોટીસ આપવામાં આવેલ છે અને નિયત સમયમાં ફાયર સેફટી સીસ્ટમ ન કરાવેલ હોય તેવી ઈમારતોને સંબધિત ઝોન ધ્વારા નળ તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

**<u>ફાયર ખાતાની આવશ્યકતા</u>**

૨૭ જી. એસ. ડી. એમ. એ. ધ્વારા કાર્યરત ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર ચલાવવા માટે ૨૦૧૭–૨૦૧૮, ૨૦૧૮–૨૦૧૯ ની કુલ રૂા. ૪.૧૬ કરોડની ગ્રાંટ મેળવવા માટે પત્ર પાઠવવામાં આવેલ છે.

૨૮ જી. એસ. ડી. એમ. એ. માં ફાયર સેફટી સાધનો અને ફાયર વાહનોની માંગણી માટે પત્ર પાઠવવામાં આવેલ છે.

**<u>સજેશન</u>**

૨૯ સ્પેશીયલ પ્રકારની અને એસેમ્બલી ઈમારતોમાં ફાયર વિભાગની એન.ઓ.સી. મેળવતા પહેલા સંબંધિત સ્થાનિક વીજ કંપનીઓનાં ઈલેક્ટ્રીક લોડ, વાયરીગની ખામીઓ / ગુણવત્તા, લોડ ડીસ્ટ્રીબ્યુશન વિગેરનો ઈલેક્ટ્રીક સેફટીનો અભિપ્રાય હોય તેવાજ અરજદારોને ફાયર સેફટીનો અભિપ્રાય આપવા સુચન છે.

૩૦ નેશનલ બિલ્ડીગ કોડ પાર્ટ–૪ (લાઈફ એન્ડ સેફટી મેસર્સ)માં દર્શાવેલ પેરા –ઈ –૭ અનેડાયરેકટર જનરલ ફાયર સર્વિસ નાં પત્ર મુજબ ૧૫ મી.થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીગો, સ્પેશીયલ કેટેગરીની બિલ્ડીગો અને એસેમ્બલી બિલ્ડીગોમાં ફાયર એન્ડ લાઈફ સેફટી ઓડીટ થર્ડ પાર્ટીથી કરાવવા સુચન છે.

**જન સંપર્ક વિભાગ.**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં- ૫૪૪**
**૨૫/૧૧/૨૦૧૯**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**વન ડે વન વોર્ડ કાર્યક્રમ**

ઈલેકશન વોર્ડ નં.૦૧–પાર્ટ(રાંદેર–જહાંગીરપુરા–વરીયાવ) અને ઈલેકશન વોર્ડ નં.૦૨–પાર્ટ(કોસાડ–અમરોલી)

- આજરોજ ગેરહાજર / મોડેથી આવેલ કર્મચારીઓનો ખુલાસો માંગવા માટે સુચના આપવામાં આવી.
- બાયોમેટ્રીક પધ્ધતિ મુજબ મોડા આવતા / ગેરહાજર રહેલ ૩૩૭ જેટલા કર્મચારીઓ પૈકી ૬૬ કર્મચારીઓ આજરોજ પૂર્વ મંજુરી વિના ગેરહાજર રહેલ હોય કારણ દર્શક નોટીસ આપવામાં આવી. તેમજ અવારનવાર મીસ પંચીંગ, લેટ પંચીંગ અને સમય કરતાં વહેલા કચેરી છોડી જતાં કર્મચારીઓને નોટીસ આપવામાં આવી.
- ૯૦ દિવસ થી વધુ ગેરહાજર રહેનાર ૯ કર્મચારીઓ પૈકી ૩ કર્મચારી ને બરતરફ કરવામાં આવ્યા. તેમજ ૧ કર્મચારી ને બરતરફ અંગે ની કાર્યવાહી કરવા, ૩ કર્મચારી સામે ખાતાકીય તપાસ સોંપવા, ૧ કર્મચારીને મરણનો દાખલો રજુ કરવા, ૧ કર્મચારીને અનફીટ રીપોર્ટ રજુ કરવા સુચના આપવામાં આવી.
- અમરોલી વોર્ડ ઓફિસ તથા વાંચનાલય ખાતે વાંચનાલયમાં આવતા વિદ્યાર્થીઓને વાંચવાની સુગમતા રહે તે માટે વાંચનાલય સવારે ૮:૦૦ કલાક થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી તેમજ સોમવાર (વિકલી ઓફ)ના રોજ પણ સવારે ૮:૦૦ કલાક થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખવા જરૂરી કાર્યવાહી કરવા સુચના આપી.
- ડ્રા.ટી.પી. ૭૦ (છાપરાભાઠા–અમરોલી–કોસાડ–ઉત્રાણ) ફા.પ્લોટ નં. ૩૩૮ " આર.૩૦ ડીસ્ટ્રીકટ સેન્ટર" માટે અનામત રાખેલ પ્લોટમાં કોમ્યુનીટી હોલ બનાવવાના કામની વીઝીટ કરવામાં આવી.
- ડ્રા.ટી.પી. ૭૦ (છાપરાભાઠા–અમરોલી–કોસાડ–ઉત્રાણ) ફા.પ્લોટ નં.૩૩૭ ખાતે વેજી. માર્કેટ બનાવવાના કામના પ્લોટની વીઝીટ કરવામાં આવી.
- છાપરાભાઠા બાપા સીતારામ ચોક થી શ્રીરામનગર (રીલાયન્સ ચોકડી) સર્કલ સુધીનો ૪૫.૦૦ મી પહોળા રસ્તા વાઈડનીંગ ના સુચિત કામે તેમજ છાપરાભાઠા બાપા સીતારામ ચોક થી શ્રીરામનગર (રીલાયન્સ ચોકડી) સર્કલ જતાં રસ્તા પર હયાત ખાડી પર સુચિત બોક્ષ કલ્વર્ટ બનાવવાના કામની વીઝીટ કરવામાં આવી.
- ગુજરાત હાઉસીગ બોર્ડમાં હાઈડ્રોલીક ખાતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના કામની વીઝીટ કરવામાં આવી.

- અમરોલી માન સરોવર જંકશન પાસે બી.આર.ટી.એસ. રૂટ પૈકી બસ સ્ટેન્ડની માન.મેયરશ્રી સાથે વીઝીટ કરવામાં આવી તેમજ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ ની સામેની ખુલ્લી જગ્યામાં સર્વિસ રોડ / પાર્કિંગ તરીકે ડેવલપ કરવા સુચના આપવામાં આવી.
- ગુજરાત હાઉસીંગ બોર્ડ ગણેશપુરા પ્રા.શાળા નં.૨ બનાવવાના કામની વીઝીટ કરવામાં આવી.
- ગુજરાત હાઉસીંગ બોર્ડ ગણેશપુરા પ્રા.શાળા નં.૨ ની બાજુમાં આવેલ સી.ઓ.પી. માં સ્પોટર્સ ગ્રાઉન્ડ ડેવલપ કરવાનું કામ તાકીદે શરૂ કરવા સુચના આપવામાં આવી.
- કોસાડ હેલ્થ સેન્ટર ના સુચિત એકસપાન્સન કરવાના કામની વીઝીટ કરવામાં આવી.
- કોસાડ આવાસ એચ.૪ ખાતે આવેલ શાળા નં.૨૯૧ માં ચાલી રહેલ શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમની વીઝીટ કરવામાં આવી તેમાં છોકરાઓને પોષણક્ષમ આહાર મળી રહે અને તેને અનુસરવા સુચના આપવામાં આવી.
- કોસાડ લેક ગાર્ડન થી રજવાડી પાર્ટી પ્લોટના ૩૬.૦૦ મી. પહોળા રોડ પર સુચિત બોક્ષ કલ્વર્ટ ની વિઝીટ કરવામાં આવી.
- કોસાડ ખાતે લેક ગાર્ડન ની વીઝીટ કરવામાં આવી. ગાર્ડનમાં આવેલ લેકમાં પાણી ભરવા માટે S.T.P. થી નળીકા નાંખી પાણી ભરવા માટે આયોજન કરવા સુચના આપવામાં આવી.
- મનીષા ફ્લાય ઓવર બ્રીજ ની નીચે પે એન્ડ પાર્ક નું આયોજન કરવા સુચના આપવામાં આવી.
- ટી.પી.૨૭ (ઉત્રાણ–કોસાડ) , એફ.પી.૧૮૦ (એમ્બેવેલી પાસે) ઈ.ડબ્લયુ.એસ. આવાસ બનાવવાના કામે વીઝીટ કરી તાકીદે કામગીરી પૂર્ણ કરવાની સુચના આપવામાં આવી.
- ટી.પી.૨૭ (ઉત્રાણ–કોસાડ) , એફ.પી.૧૯૧ ( વ્હાઈટ હાઉસ પાસે) ઈ.ડબ્લયુ.એસ. આવાસ બનાવવાના કામે વીઝીટ કરી તાકીદે કામગીરી પૂર્ણ કરવાની સુચના આપવામાં આવી.
- ટી.પી.૨૭ (ઉત્રાણ–કોસાડ) માં આવેલ ઓકિસજન પાર્કની વીઝીટ કરવામાં આવી.
- ટી.પી. ૨૭ (ઉત્રાણ–કોસાડ) , એફ.પી.૧૯૮ અને એફ.પી.૧૮૮ ખાતે સુચિત વેન્ડીંગ માર્કેટ બનાવવાના કામની વીઝીટ કરવામાં આવી.
- ટી.પી. ૭૩(ઉત્રાણ), એફ.પી.૧૮૭ ખાતે પ્રાથમિક શાળા બનાવવાના કામની વીઝીટ કરવામાં આવી.
- રસ્તા પર જે ફેરીયાઓ બેસે છે તેમને માટે ૩ સ્થળોએ વેન્ડીંગ માર્કેટ બનાવવા માટે સુચના આપવામાં આવી.
- વિલંબથી જે પ્રોજેકટો ચાલે છે તેમને નોટીસ આપવા સુચના આપવામાં આવી.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં. ૫૪૫**
**તા.૨૬/૧૧/૨૦૧૯**



















## —:: પ્રેસનોટ ::—

મા. મ્યુ. કમિશનરશ્રી અને મા. ડે.મ્યુ. કમિશનરશ્રીની સુચના અન્વયે સુરત શહેરમાં આગ અકસ્માતનાં બનાવમાં કમી આવે તે અર્થે ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા શહેરનાં વિવિધ વિસ્તારમાં આવેલ કોમર્શીયલ ઈમારતો / મોલ / ટ્યુશન કલાસ / હોટલ / રેસ્ટોરન્ટ / ટેક્ષટાઈલ માર્કેટ વિગેરેમાં ફાયર વિભાગ ધ્વારા સર્વે કરવામાં આવેલ જેમાં અપુરતી ફાયર સેફટી સીસ્ટમ હોય અથવા પુરતા સેફટીનાં સાધનો ઉપલબ્ધ ન હોય જેથી ફાયર સેફટીની સુવિધા ઉભી કરાવી લેવા નોટીશ આપવામાં આવેલ. આમછતાં આવી ઈમારતનાં સંચાલકશ્રી ધ્વારા ફાયર સુવિધા ઉભી ન કરાવવામાં આવતા આજરોજ ફાયર વિભાગ ધ્વારા નીચે મુજબની શીલીગ તેમજ અન્ય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

**<u>૧ સ્કુલ તેમજ કોર્મશીયલ ઈમારતોમાં અપુરતી ફાયર સેફટીની સુવિધાનાં કારણે સીલ કરેલ</u>**

- પિંકલ નર્સરી સ્કુલ,નરસીગ શેરી સગ્રામપુરાને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.

- દિવ્યા જયોતિ સ્કુલન અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા તાકીદે સીલીગ કરવામાં આવેલ છે.

- સનરાઈઝ વિધાલય, ઈગ્લિશ તેમજ ગુજરાતી મીડીયમની પ્લે ગ્રુપ, નર્સરી, જુનિ. કે.જી. સી.જી. સ્કુલ, ડીડોલીને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સીલીગ કરવામાં આવેલ છે.

- રીગરોડ સુરત ટેક્ષટાઈલ્સની બાજુમાં આવેલ મીલેનીયમ માર્કેટ–૦૧માં આવેલ બેઝમેન્ટની અંદર પાર્કીગની જગ્યાએ કપુર સાડીની દુકાન હોય જેને અપુરતી પુરતી ફાયર સેફટીની સુવિધા હોય જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા તાકીદે સીલીગ કરવામાં આવેલ છે.

**<u>૨ સુરત ફાયર વિભાગ ધ્વારા ફાયર સેફટીનો ડેમો આપવામાં આવેલ તેની વિગત.</u>**

- સુમન સ્કુલ નં.–૦૧, ગુજરાતી માધ્યમનાં કુલ–૧૦૦ વિધાર્થી તેમજ ૧૨ શિક્ષક ઉધના, સુરતને ફાયર સેફટીની તાલીમ આપવામાં આવેલ.

- **<u>ઉપરોકત કામગીરી જાહેર સલામતીને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.</u>**

<u>જનસંપર્ક વિભાગ</u><br>
<u>સુરત મહાનગરપાલિકા તરફથી સાદર</u><br>
<u>સમાચાર યાદી નં.....૫૪૬........</u><br>
<u>તા.૨૬ / ૧૧ / ૨૦૧૯</u>

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**હરિનગર –૩ કોમ્યુનીટી હોલ,ટી.પી.સ્કીમ–૨,ફાઈનલ પ્લોટ–૨૫,સપ્તશ્રુંગી મંદિર પાસે,ઉધના.સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ*** સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન **હરિનગર –૩ કોમ્યુનીટી હોલ,ટી.પી.સ્કીમ–૨,ફાઈનલ પ્લોટ–૨૫,સપ્તશ્રુંગી મંદિર પાસે,ઉધના,સુરત** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી સોમનાથ રઘુનાથ મરાઠે જણાવ્યુ કે, રાજય સરકાર/ સુરત મહાનગરપાલિકાની વિવિધ યોજનાઓ અને સરકાર તેમજ પ્રજા વચ્ચેનો કાર્યક્રમ એટલે સેવાસેતુ કાર્યક્રમ. વધુમાં તેમણે જણાવ્યુ કે, સદર યોજનાઓનો લાભ વધુ લોકો લેવા જોઈએ.૧૬૪ વિધાનસભા ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલે જણાવ્યુ કે,સેવાસેતુ કાર્યક્રમ એટલે સેવાઓનો સંગમ.સરકાર આજે પ્રજાના ઘર આંગણે આવી સેવાઓ પુરી પાડે છે. અને તમામ લોકો વધુ સેવાઓને લાભ મેળવે તેવી એમણે અપીલ કરી હતી. મા.મેયરશ્રી જગદીશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સેવાસેતુ કાર્યક્રમમાં પ્રમાણપત્ર/સેવાઓનો લાભ મેળવવા પ્રજાએ કચેરીએ ધકકા ખાવા પડતા હતા તેનો ઉકેલ આવેલ છે. આજનો સમય બદલાયો છે,કે સરકારશ્રીની યોજનાઓના લાભ,પ્રમાણપત્ર,સર્ટી,કાર્ડ વગેરે મેળવવા સરકારી વિભાગો સુધી જવુ પડતુ નથી પરંતુ સેવાસેતુ કાર્યક્રમ ધ્વારા લોકોનો સમય બચી રહે છે અને લોકોને સરળતાથી લાભ પ્રાપ્ત કરી રહયા છે.આ કાર્યક્રમને ઉત્સવ ગણીને લોકોએ વધુમાં વધુ લોકો લાભ મેળવે એવી આશા વ્યકત કરી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૬૪ વિધાનસભા ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ,નેતાશ્રી શાશકપક્ષના શ્રી ગિરીજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સદર સેવાસેતુ કાર્યક્રમની આભારવિધિ મ્યુ. સદસ્ય શ્રીમતી પુર્ણિમાબેન હરિશભાઈ દાવલે ધ્વારા કરવામાં આવેલ હતી.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ <u>૨૦૮૫</u> લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૪૭
તા. ૨૭/૧૧/૨૦૧૯









# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

બી.આર.ટી.એસ. રૂટમાં અકસ્માત નિવારવા માટે મા.કમિશનરશ્રીએ શહેરમાં આવેલ તમામ બી.આર.ટી.એસ. બેરિકેડને રાહદારીઓની સુરક્ષા હેતુ લાલ રંગથી રંગવાની સુચના આપેલ છે. જે અંતર્ગત આજ રોજ અઠવા ઝોન વિસ્તારમાં કુલ ૧૫.૦૦ કિ.મી. બી.આર.ટી.એસ. રૂટ આવેલ છે. તે પૈકી ૫૫૦.૦૦ ર.મી. લંબાઈ કલર કામ કરવામાં આવેલ છે. અને લિંબાયત ઝોનમાં ખરવરનગર ખાડી બ્રિજથી આંજણા બ્રિજ ટી.પી. ૦૭માં ૧૨૦૦.૦ ર.મી. લંબાઈ કલર કામ કરવામાં આવેલ છે. સેન્ટ્રલ ઝોનમાં આવેલ લાલ દરવાજા બ્રીજથી ગોટાલાવાડી સુધી ના બી.આર.ટી.એસ. કોરીડોરની રેલીગને લાલ રંગ થી કલર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં. ૫૪૮
તા.૨૭/૧૧/૨૦૧૯